**Judgement**

**R.C.S.NO.267/1988**

GJAH100000011988

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૩–૦૪–૧૯૮૮ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૩–૦૪–૧૯૮૮ | | |
| ફેંસલ તારીખ | ૧૩–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૩૭ | ૭ | ૦ |

=====================================================

**મે. પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ ( શ્રી આર.બી.મારફતિયા) સાહેબની કોર્ટમાં, મુ. વિરમગામ.**

=====================================================

**રે. દિ.મુ. નં. ૨૬૭/૧૯૮૮**
**આંક–<u>૩૮૪</u>**

**વાદીઓઃ** – (૧) **સંપતભાઇ ચતુરભાઇ દંતાણી,**
ઉ.વ. આ. પુખ્ત, જાતે.હિન્દુ દાંતણીયા,
ધંધો.ખેતી,
રહે. ૧૦૮, નિર્ણયનગર, સેકટર–પ,
ચાંદલોડીયા, અમદાવાદ.

(૨) **ગુજરનાર જામાભાઇ ચતુરભાઇ દંતાણીના વારસો,**

(૨/૧) **વસંતીબેન જામાભાઇ,**

(૨/૨) **મનોજભાઇ જામાભાઇ(એબેટ)**

**Judgement**

**R.C.S.NO.267/1988**

**(નોંધઃ– વાદીનં. ૨/૨ ગુજરી જવાથી આંક–૧૬૧ નાં હુકમ મુજબ ડીલીટ કર્યા.)**

**(૨/૩) રાહુલ જામાભાઇ,**

**(૨/૪) સુમિત જામાભાઇ,**

**(૩) મંગુબેન તે ચતુરભાઇ વરવાભાઇ દંતાણીની વિધવા(એબેટ),**

**(નોંધઃ– વાદીનં. ૩ ગુજરી જવાથી આંક– ૧૬૧ નાં હુકમ મુજબ ડીલીટ કર્યા.)**

તમામ ઉ.વ. આ.– પુખ્ત, જાતે–હિન્દુ,
રહે. ગામ આદીવાડા ઔધોગિક વિસ્તાર,
સેકટર નં.૨૮, બગીચા પાછળ, ગાંધીનગર.

<u>**વિરૂધ્ધ**</u>

**પ્રતિવાદીઓઃ –** **(૧) કલેકટર સાહેબ, અમદાવાદ,**
હે.જુની સિવિલ હોસ્પિટલ, ઘીકાંટા રોડ,
અમદાવાદ.

**(૨) અંબાબેન તે જયચંદભાઇ વરવાભાઇના વારસ (સદર પ્રતિવાદી ગુજરી ગયા હોય આંક–૭ થી અરજી મુજબ એબેટ )**

**(૨/૧) કોકીલાબેન જયચંદભાઇ જેમને (અસલ દાવામાં પ્રતિવાદી નં.૩ તરીકે દર્શાવેલ છે. )**
ઉ.વ. આ.પુખ્ત, જાતે.હિન્દુ,ધંધો. ઘરકામ,
રહે. માધાભાઇની ચાલી પાસે, કોચરબ,
પાલડી, અમદાવાદ.

**(૩)(૨–એ) કોકીલાબેન જયચંદભાઇ,**

ઉ.વ. આ.પુખ્ત, જાતે.હિન્દુ,
રહે. માધાભાઈની ચાલી પાસે, કોચરબ,
પાલડી, અમદાવાદ.

**(૪) મર્હુમ ગોપાલભાઈ વરવાભાઈના વારસો**
**(આંક–૬૩ ના હુકમ પ્રમાણે)**

(૪/૧) શકરીબેન ગોપાલભાઈ વરવાભાઈની વિધવા,
(૪/૨) મર્હુમ આશાભાઈ ગોપાલભાઈ,
(૪/૩) બાબુભાઈ ગોપાલભાઈ,
(૪/૪) કાંતિભાઈ ગોપાલભાઈ,
(૪/૫) મર્હુમ પ્રેમચંદભાઈ ગોપાલભાઈ,
(૪/૬) અજીતભાઈ ગોપાલભાઈ,
(૪/૭) કેશવભાઈ ગોપાલભાઈ,

તમામ ઉ.વ.આ.પુખ્ત,જાતે.હિન્દુ,
ધંધો. ખેતી,
તમામ રહે. ૧૦૧ થી ૧૧૫, ગુજરાત
હાઉસીંગ બોર્ડના મકાન,ખોડીયાર નગર,
આઈ.ઓ.સી.રોડ, ચાંદખેડા,
અમદાવાદ–૭.

**(૪/૨)** મર્હુમ આશાભાઈ ગોપાલભાઈના વારસો.
**(૪/૨/૧)** ચંપાબેન આશાભાઈ દંતાણી,
**(૪/૨/૨)** જશવંતભાઈ આશાભાઈ દંતાણી,
**(૪/૨/૩)** અજયભાઈ આશાભાઈ દંતાણી,
**(૪/૨/૪)** ભવાનભાઈ ઉર્ફે ભગાભાઈ આશાભાઈ
દંતાણી,

તમામ ઉ.વ.આ.–પુખ્ત, જાતે.હિન્દુ,
ધંધો.ખેતી,

તમામ રહે.૩૭, સુંદરસીંગ
ભંડારીનગર, બ્લોક નં.૨,
ગુજરાત વેપારી મહામંડળ પાછળ,
ઓઢવ,અમદાવાદ.

(૪/૫) મર્હુમ પ્રેમચંદભાઇ ગોપાલભાઇના વારસો.
(આંક–૧૦૫ નાં હુકમના આધારે.)
(૪/૫/૧) હંસાબેન પ્રેમચંદભાઇ દંતાણી,
(૪/૫/૨) ગણપતભાઇ પ્રેમચંદભાઇ દંતાણી,
(૪/૫/૩) દિલીપ પ્રેમચંદભાઇ દંતાણી,
તમામ ઉ.વ.આ–પુખ્ત, જાતે. હિન્દુ,
ધંધો.ખેતી.
તમામ રહે. ગુજરાત હાઉસીસંગ બોર્ડ,
મકાન નં.૬૦૫/૧૦૫,
આઇ.ઓ.સી.રોડ,ખોડીયાર નગર,
ચાંદખેડા, અમદાવાદ.

(૫) **આશાભાઇ ગોપાલભાઇ (મુળઅરજીમા પ્રતિવાદી નં. ૫ તરીકે દર્શાવેલ છે.)**
રહે. નદીના પટમા, કાચા છાપરામાં,
કાગદીવાડ, પાલડી, અમદાવાદ

==================================================

બાબત :– દાવો રૂ૦ ૩૦૦–૦૦ નાં આંક થી.

---

<u>વાદી તરફે વિ.વ શ્રી જી.જી.વૈદ્ય</u>

<u>પ્રતિવાદી નં. ૧ તરફે વિ. ડી.જી.પી.શ્રી</u> એચ.આર. સોલંકી

<u>પ્રતિવાદી નં. ૩ તરફે વિ.વ. શ્રી વી.પી.મકવાણા(લીગલ એઇડ એડવોકેટ)</u>

<u>પ્રતિવાદી નં.૪ તરફે વિ.વ.શ્રી એમ.કે.સીંધવ</u>

==================================================

**Judgement**

**R.C.S.NO.267/1988**

**<u>-:જ જ મે ન્ટ:-</u>**

(૧) આ કામે વાદીની દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામે વાદીઓની સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકીની ખેતીની જમીન મોજે ગામ સુવાળા, તા.વિરમગામ, જી.અમદાવાદની સીમમાં નીચે જણાવેલ ખુંટ, હદ હકક અને વર્ણન વાળી આવેલી છે. જેના વાદીઓ નં.૧ તથા ૨ ના પિતા અને વાદી નં.૩ ના પતિના સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકીની હતી અને તેમના ગુજર્યા બાદ વાદીઓની માલીકીની કબજા ભોગવટાની છે. જેનુ વર્ણન: ગામનું નામ સુવાળા, તા.વિરમગામ, સર્વે નં.૨૨૧-૩, ક્ષેત્રફળ એ.ગુ.૦-૨૮, આકાર ૧-૪૪,(૨) સર્વે નં.૨૨૨-૨, ક્ષેત્રફળ એ.ગુ.-૧-૨૨, આકાર-૩-૩૭, સર્વે નં.૨૨૪-૪, ક્ષેત્રફળ એ.ગુ.૦-૩૬, આકાર-૧-૯૪ છે. જેની પૂર્વમાં રાહદારી રસ્તો છે. પશ્ચીમે બેચરભાઇ ભાવાભાઇ તથા જીવાભાઇ ભગવાનભાઇના ખેતરો છે. તથા ઉત્તરે પાટીદાર મગન લલ્લુ તથા હરગોવન લલ્લુનુ ખેતર છે. તેમજ દક્ષીણે પાટીદાર તરભોવન લાલા તથા વાઘરી ભાવા ઉંજાનુ ખેતર છે. આ વર્ણન વાળી જમીનો મોજે ગામ સુવાળાની છે. સુવાળા ગામ અગાઉ કટોસણ સ્ટેટનું હતુ અને આ ગામના માલીક કટોસણ સ્ટેટના ઠાકોર સાહેબ હતા. મજકુર જમીનો ઠાકોર સાહેબે વાદીઓના પિતા અને પતિ ચતુરભાઇ વરવાભાઇને સ્વતંત્ર કબજા અને માલીકીના હકકે તા.૨૫/૦૨/૪૭ ના રોજ આપેલી છે અને સદરહું જમીનની સનદ પણ તેમના પિતાશ્રીને આપવામાં આવેલ છે અને તે રૂઇએ અને તેવા હકકથી અને તે તારીખથી તેમના પિતાશ્રી સદરહું મીલકતના સ્વતંત્ર માલીક બનેલા. તેઓ જાતે તેમાં ખેતી કરતા અને વાવતા તેમના પિતાશ્રી સને ૧૯૫૬ ની સાલમાં ગુજરી ગયેલા. તેઓ નાની ઉંમરમાં ગુજરી ગયેલા અને તે વખતે વાદી નં.૧ ની ઉંમર આશરે ૬ થી ૭ વર્ષની હતી અને વાદી નં.૨ ની ઉંમર આશરે ૫ થી ૬ માસની હતી અને વાદી નં.૩ નાઓ વિધવા હતા અને વાદીઓ તદ્દન પછાત વર્ગના અભણ, અજ્ઞાન અને વાઘરી કોમના છે અને આજથી આશરે ૩૦ વર્ષ પહેલા તેમની જ્ઞાતી તદ્દન પછાત, અભણ અને અજ્ઞાન હતી અને તેઓ તદ્દન નાની ઉંમરના હોઇ, સગીર વયના

હોઇ, સાર–સંભાળ, દેખ–રેખ વાદી નં.૧ ના કાકા જયચંદ વરવાભાઇ રાખતા. આ રીતે તેઓના પિતાશ્રી ગુજરી ગયા ત્યારે વાદી નં.૧ તથા ૨ સગીર વયના હતા. વધુમાં આ કામના પ્રતિવાદી નં.૨ શ્રીમતી અંબાબેન તે વાદી નં.૧ તથા ૨ ના કાકી થાય છે અને વાદી નં.૩ ના જેઠાણી થાય છે. એટલે તેમના પતિ શ્રી જયચંદ વરવાભાઇ તેમના પિતાશ્રીના મોટા ભાઇ થતાં હતા તેઓ પણ ગુજરી ગયા છે અને તેમના વારસદારોમાં પ્રતિવાદી નં.૨ તેમના પત્ની છે અને પ્રતિવાદી નં.૩ તેમના દીકરી છે. આ કામના પ્રતિવાદી નં.૪ તેમના પિતાશ્રી ચતુરભાઇના ભાઇ છે અને પ્રતિવાદી નં.૫ પ્રતિવાદી નં.૪ ના દીકરા છે. એટલે આ કામના પ્રતિવાદી નં.૪ તે તેમના કાકા થાય છે અને પ્રતિવાદી નં.૫ તે તેમના કાકાના દીકરા થાય છે. તેઓના પિતાશ્રી અભણ અને અજ્ઞાન હતા, પછાત વર્ગના હતા અને ઘણી નાની ઉંમરમાં ગુજરી ગયેલા અને તેથી તેઓની આ જમીનની દેખરેખ આ કામના પ્રતિવાદીનં. ૨ નાં પતિ અને તેમના કાકા જયચંદભાઇ વરવાભાઈ રાખતા હતા અને તેઓ તેમની પણ સાર–સંભાળ રાખતા. તેમના  માતૃશ્રી ખેતી કરતા અને આ જમીનની ઉપજ, નીપજ લેતા અને ગામમાં રહેતા અને તેમના કાકા તેમને મદદ કરતા અને આ રીતે તેઓના બાલ્ય કાળમાં અને તેઓ તેમના કાકાની દેખરેખ, સાર–સંભાળ નીચે હોઈ તેમના એ વડીલ હતા અને તેઓના જણાવ્યા પ્રમાણે તેઓ વર્તતા. ઉપર જણાવેલી પેરા ૨ વાળી જમીન ઉપર જણાવ્યા પ્રમાણે તેમના પિતાશ્રીની માલિકી કબજા અને ભોગવટા વાળી અને તાલુકદારી ટેન્યોક એમોલ્યુશન એક્ટ અમલમાં આવતા તેમના પિતાશ્રી મજકુર જમીનના કાયમી ખેડૂત છે તેવી એન્ટ્રી ગામના નમૂના નં. ૬ હક્ક પત્રકમાં આ કામના પ્રતિવાદીનં. ૧ નાં અધીકારીઓએ તારીખ ૧૮–૧૨–૫૬ નાં રોજ એન્ટ્રી નં. ૪૫ પાડેલી જેમાં ઉપરના ચારેય સરવે નંબરો એટલે કે સરવે નં. ૨૨૧–૩, ૨૨૨–૨, ૨૨૨–૪ અને ૨૨૨–૫ જણાવવામાં આવેલા છે. આ એન્ટ્રી પડયા પછી અને તે અરસામાં તેમના પિતાશ્રી ગુજરી ગયેલા અને તે વખતે તેઓનો તદ્દન બાલ્ય કાળ હતો. તેઓની આ સગીર અવસ્થાનો અને નિર્મળ અવસ્થાનો લાભ લઈ તેમના કાકા એટલે કે આ કામના પ્રતિવાદીનં. ૨ નાં

પતિ અને પ્રતિવાદી નં.૩ નાં પિતાએ સદરહુ રેકર્ડ ઓફ રાઈટ્સમાં વારસદારોના નામ લખવાના હતા તેમાં તેમના પિતા ચતુરભાઈ વરવાભાઈના કોઈ વારસદાર નથી અને તેઓ એટલે કે જયચંદ વરવા તેમના વારસદાર છે તેવું જણાવી એક ખોટી એન્ટ્રી અનુક્રમ નંબર ૯૨ તા. ૨૬–૪–૫૭ નાં રોજ તલાટી સુવાળાને અરજી આપી પડાવેલી તેવું જણાય છે અને તે એન્ટ્રીમાં ટેનન્સી અવલ કારકુન સાહેબે એટલે કે એન્ટ્રી સર્ટીફાઈડ કરનાર અમલદારે એવો હુકમ કરેલો કે તલાટી એ “ચતુર વરવાનું પેઢીનામું પંચોની ખાત્રીસહનું કરવું અને સામાન્ય ગણોત હકકના બીજા નંબરો પણ વારસનામામાં દાખલ કરવા તા.૨૫–૬–૫૮" એ રીતેના હુકમ પછી ફરીવાર આ હુકમનું ઈન્સ્પેકશન કરતા એન્ટ્રી નં. ૯૨ નાં તેમના હુકમની પુર્તતા કરેલી જણાયેલી નહીં તેથી તેમણે તલાટીને હુકમ કરેલો કે “ચતુર વરવાના વારસમાં વિધવા, વિગેરે હોવાથી તપાસ કરી, નવેસર એન્ટ્રી પાડવી."મજકુર હુકમના આધારે તેમના કાકા જયચંદ વરવાના નામની એન્ટ્રી પડી શકેલ નહીં અને તેઓનું માલીકી હક્કે વારસાઈમાં નામ દાખલ થઈ શકે તેવું નથી તેમ તેમણે જણાતા તેમણે તેઓની બાલ્ય અવસ્થા વિગેરેનો લાભ લઈ બદદાનતથી તેમના હક્કો ડુબાડવા તેઓ ગરીબ દયા પાત્ર અને નિર્મળ સગીરોનો આવી અવસ્થાનો લાભ લઈ તેઓ સાથે ફ્રોડ કરેલો અને સરકાર સાથે પણ તેમના પિતાના કોઈ વશ નથી તેવું ખોટી રીતે જાહેર કરી છેતરપીંડી કરી અને તે છેતરપીંડી કામમાં ન લાગતા તેમણે તેમના વતી અને થકી તેમના પિતાશ્રીના નામે મજકુર મિલકત હોવાથી છ પટની રકમ તેમના માતૃશ્રી પાસેથી નાણાં લઈ અને ભરેલી અને તેઓએ તેમના માતૃશ્રીની છુપી રીતે અને તેઓએ તેમને ખબર કે જણાવ્યા સિવાય સદરહુ નાણાં છ પટના ભરેલા હોવાથી તેઓ આ જમીનના માલીક છે તેવી પહોંચ બતાવી અને એન્ટ્રી નં. ૧૦૧ તા. ૩૧–૭–૫૭ ની પડાવેલી પરંતુ તેમના પિતાશ્રી આ જમીનોના માલીક વિકલ્પે કાયમી ખેડૂત હોઈ, અને તેમના માતૃશ્રીએ જ આ નાણાં ભરેલા હોઈ, કાયદેસર રીતે તેમના પિતાશ્રીનું નામ જ એન્ટ્રી નં. ૨૫ થી કાયમી ખેડૂત તરીકે દાખલ થયેલું હોઈ, તેમના નામે જ આ જમીન તેઓને મળેલી છે. તેમ છતાંય આ

કામના પ્રતિવાદીનં. ૧ નાં અધીકારીઓએ એન્ટ્રી નં. ૧૬૧ તા. ૩૧–૭–૫૭ ની પાડી અને તેમનું નામ દાખલ કરાવેલું એટલે સુવાળા ગામના તલાટીએ એક યા બીજી રીતે આ કામના સામાવાળા નં. ૨ નાં પતિ સાથે મળી જઈ આવું ગેરકાયદેસર અને ખોટું કૃત્ય કરેવું, તપાસણી કરનાર અને સર્ટીફાઈડ ઓફિસરના શેરામાં ચતુરભાઈ વરવાભાઈ એ પ્રમાણે લખેલું છે. તેમ છતાં પાછળથી ગમે તે રીતે આ એન્ટ્રી તલાટીએ મંજુર કરાવેલી છે તેમ જણાય છે. આ રીતે આ કામના પ્રતિવાદી નં. ૧ એ તેમના રેકર્ડમાં તેમના માલીકી હક્ક હોવા છતાં અને તેઓએ નાણાં ભરેલા હોવા છતાં પ્રતિવાદી નં. ૨ નાં પતી અને નં. ૩ નાં પિતાનું નામ ઈરાદા પૂર્વક બદદાનતથી તેઓ  સગીરો સામે ફ્રોડ કરી, મેલાફાઈડલી દાખલ કરવામાં આવેલું છે. પરંતુ તેનાથી આ કામના પ્રતિવાદીનં. ૨ ને કોઈ હક્કો પ્રાપ્ત થતાં નથી, કારણ કે સદરહુ એન્ટ્રીનો અમલ ફક્ત રેકર્ડ પુરતો થયેલો છે જયારે ખરેખર માલીકી હક્ક અને કબજો ભોગવટો તેઓ  વાદીઓનો છે. ત્યારબાદ તેમના કાકા જયચંદભાઈ વરવાભાઈ એટલે કે આ કામના પ્રતિવાદીનં.૨નાં પતિ અને નં. ૩ નાં પિતા તારીખ ૨૫–૧૨–૭૬ નાં અરસામાં ગુજરી ગયેલા અને તા. ૮–૧–૭૭ નાં રોજ એન્ટ્રી નં. ૧૨૬૩ થી આ કામના પ્રતિવાદીનં. ૨ તથા નં. ૩ નું નામ જયચંદ વરવાભાઈના વારસદાર તરીકે દાખલ કરવામાં આવેલું છે જે અંગેની તેઓને અગાઉની કોઈ જ એન્ટ્રીની તેઓને કોઈ નોટીસ આપવામાં આવેલ નથી અને તલાટીએ આપખુદી રીતે નામ ચઢાવી દીધેલ છે. સને ૧૯૮૦ ના આશરે માર્ચ મહીનામાં આ કામના પ્રતિવાદીનંબર ૧,૨ એ પ્રતિવાદી નંબર ૩ તથા ૪ નાં મેળાપીપણામાં તેઓને આ જમીનમાંથી ખેતી નહીં કરવા જણાવેલું અને કહેલું કે આ જમીન ભલે નથી, અને તેઓ પ્રતિવાદીનં. ૨ નાની છે, એટલે તેઓને ખુબ જ આઘાત લાગેલો અને તેથી તેઓએ તલાટી પાસે ખરી હકીકતની તપાસ કરી તો આ કામના પ્રતિવાદીનં. ૨, તથા ૩ નાં નામ માલીકી હક્કે વારસાઈથી પ્રતિવાદી નંબર ૧ એ દાખલ કરેલા જેથી તેઓએ ઉપરના ચારેય સરવે નંબરો એટલે કે સરવે નં. ૨૨૧–૩, ૨૨૨–૨, ૨૨૨–૪, ૨૨૨–૫ માં તેઓને નામ ચતુરભાઈ વરવાભાઈના વારસદારો

તરીકે દાખલ કરાવવા અરજી કરી એટલે તેમના વારસદાર તરીકે તેઓ વાદી નંબર ૧ તથા ૨ નું નામ વારસા હક્કથી દાખલ કરવામાં આવેલું છે. અને આ કામના સામાવાળાઓને તારીખ ૨૩–૫–૮૦ નાં રોજ બોમ્બે લેન્ડ રેવન્યુ કોડ કલમ–૧૩૫–ડી મુજબની નોટીસ આપવામાં આવેલી અને તા. ૪–૭–૮૭ નાં રોજ એન્ટ્રી નં. ૧૩૫૫ તા. ૨૩–૫–૮૦ ની મામલતદાર સાહેબે સર્ટીફાઈડ કરેલી છે. પરંતુ અહીં આ કામના પ્રતિવાદી નંબર ૧ નાએ જાણી જોઈને ઈરાદા પુર્વક બદદાનતથી સરવે નંબર ૨૨૧–૩ જે પણ તેઓની માલિકીનો વારસાઈ હક્કે આવેલો છે જે નંબર પણ એન્ટ્રીમાં નોંધવાની જરૂર છે, તે નોંધેલો નથી અને સરવે નંબર ૨૨૨–૨, ૨૨૨–૪, અને ૨૨૨–૫ એમ ત્રણ નંબરો જ નોંધેલા છે અને તેમાં આ કામના પ્રતિવાદી નંબર ૨ તથા નં. ૩ નું નામ પાણીપત્રકમાંથી કમી કરવાનું હોવા છતાં પણ પ્રતિવાદી નંબર ૨ તથા ૩ નું નામ પાણીપત્રકમાં રાખી અને તેની સાથે સહમાલિક તરીકે વાદી નંબર ૧ તથા ૨ ના નામ દાખલ કરેલા છે, અને તેઓ માલિકી હક્કે તે પ્રમાણે ગેરકાયદેસરનો ફેરફાર કરેલો છે, આ કામના પ્રતિવાદી નં. ૨ તથા ૩ નો તેઓની વાદીની આ દાવા વાળી જમીન ઉપર કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત કે સંબંધ નથી કે તેમનો આ દાવા વાળી મિલકત પર કબજો નથી. પરંતુ પ્રતિવાદી નંબર ૩ તથા ૪ ની ખોટી ચઢવણીથી તેમના હક્કો પ્રતિપાદન કરવા માંગે છે. અને નંબર ૧ ના અમલદારો સાથે મળી જઈ તેમની લાગવગ અને પૈસાનો ઉપયોગ કરી, આ કામના પ્રતિવાદી નં. ૨ તથા નં. ૩ નું નામ જાણીબુજી ઈરાદા પુર્વક પ્રતિવાદી નંબર ૧ ના તથા તેમના અધિકારીઓએ ખોટી અને ગેરકાયદેસર ચાલુ રાખ્યું છે. જે કરવાનો તેમને કોઈ હક્ક કે અધિકાર નથી. વાદીઓનું નામ સને ૧૯૮૦ ની સાલમાં માલિકી હક્કે દાખલ થયેલું હોવા છતાં, અને પ્રતિવાદી નંબર ૨ તથા ૩ ને તેની જાણ હોવા છતાં, તેમણે લાગવગ તથા પૈસાનો ઉપયોગ કરી પ્રતિવાદી નંબર ૧ નાં અમલદારોને ૫ વરસ બાદ એક ખોટી અપીલ કરેલી અને તે અપીલમાં પ્રતિવાદી નંબર ૧ નાં અધિકારીઓએ  અરજદારો એટલે કે વાદીઓ આ જમીનનાં માલિક હોવા છતાં, તેઓની સનદ હોવા છતાં તેમનું નામ તેમના

પિતાશ્રીનું નામ રેકર્ડમાં હોવા છતાં તેમજ તેઓ આ જમીનની વીઘોટી ભરતા હોવા છતાં અને જમીનમાં વાવેતર કરતાં હોવા છતાં ૫ વરસ બાદ સમય મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય પણ અપીલમાં જાણીબુઝી ઈરાદા પુર્વક દવેશબુદ્ધિથી અને બદદાનતથી પ્રતિવાદી નંબર ૧ નાં અધિકારીઓએ સદરહુ તેઓનું નામ દાખલ કરવાનો હુકમ રદ્દ કરી નવેસરથી બંને પક્ષનાં પુરાવા લઈ સાંભળીને યોગ્ય હુકમ કરવા જણાવેલું છે. જે સામે તેઓએ અપીલ કરેલી છે, પરંતુ આ કામના પ્રતિવાદી નંબર ૨ તથા ૩ ની લાગવગથી પ્રતિવાદી નંબર ૧ ના અધિકારીએ સદરહુ હુકમ થતાની સાથે જ એક ગેરકાયદેસર અને ખોટી એન્ટ્રી પાડી તેઓનું નામ કમી કરવા જણાવેલું છે. તેઓએ સદરહુ પ્રાંત ઓફિસરનાં હુકમ સામે કાયદેસર રીતે અપીલ કરેલી છે, અને જે હાલ જારી છે. આ સંજોગોમાં આ કામના પ્રતિવાદીઓનું કૃત્ય ગેરકાયદેસર અને ખોટું છે, અને પ્રતિવાદી નંબર ૧ નાં આવા ખોટા, અન્યાયી, ગેરકાયદેસર, ગેરવ્યાજબી, અને ગેરબંધારણીય હુકમનો લાભ લઈ પ્રતિવાદી નંબર ૨, તથા ૩ તેમના મળતીયાઓ મારફતે આ દાવાવાળી જમીન જે તેમના કબજા ભોગવટામાં છે, અને જેમાં તેઓ ચાલુ સાલે પણ બાજરી, તુવેર, ગવાર, મગ વિગેરેનું વાવેતર કરેલું અને જેમાંથી તેઓએ  બાજરી, મગ અને ગવારનો પાક લઈ લીધેલો છે. અને તુવેરનો પાક ઉભેલો છે, તે પ્રતિવાદી નંબર ૧ ના આવા હુકમથી તેઓનો કબજો પડાવી લઈને તેમનો પાક તુવેરનો જે ઉભો છે તે લઈ લેવા આ કામના પ્રતિવાદી કોશીશ કરી રહ્યાં છે તેવી તેઓને જાણ થયેલી છે. અને તેથી આ કામના પ્રતિવાદીઓ સામે આ દાવો કરવાની જરૂર પડેલ છે.વધુમાં તેઓ જણાવે છે કે, આ દાવા વાળી મિલકતમાં આ કામના પ્રતિવાદીઓને કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીસ્સો, હીત, સંબંધ નથી. તેઓ આ જમીનનાં માલિક નથી. તેમ છતાં તેઓને અરજી તેમનું નામ દાખલ કરવા માટે અને પ્રતિવાદ નંબર ૨ તથા ૩ નાં નામ કમી કરવા અરજી કરેલી અને પ્રતિવાદીઓના નામ એકલા માલિક તરીકે દાખલ કરવા અરજી કરેલી તેમ છતાંય જાણીબુજી ઈરાદા પુર્વક પ્રતિવાદી નંબર ૧ નાં અમલદારે પ્રતિવાદી નંબર ૨ તથા નં. ૩ નું નામ રેકર્ડમાં ચાલુ રાખી, અને તેઓને

મજકુર મિલકતના સહમાલિક તરીકે જણાવ્યાં છે. વાદીનું કહેવું એવું છે કે મજકુર દાવાવાળી મિલકત તે વડીલોપાર્જીત મિલકત નથી, પરંતુ વાદીઓના પતિ અને પિતાની આગવી સ્વતંત્ર માલિકીની છે અને પ્રતિવાદી નં. ૨ તથા ૩ વાદીઓના પિતાશ્રીની નથી અને તેથી તેમનું નામ પ્રતિવાદી નંબર ૧ સહમાલિક તથા સહકબજેદાર તરીકે અને વારસદાર તરીકે વારસાઈ હક્કે ચાલુ રાખી શકે નહીં અને જાણીબુજી ઈરાદાપુર્વક બદદાનતથી પ્રતિવાદી નંબર ૨ અને ૩ ની લાગવગ અને પૈસાના જોરે બદદાનતથી તેઓને નામ પણ મુદત બહારની અપીલ હોવા છતાં અને કાયદેસર આટલી લાંબી મુદત કોન્ડોન ન થઈ શકે અને તેમ હોવા છતાં અને તેઓ ખરેખર માલિક હોવા છતાં એન્ટ્રી રદ્દ કરી નવેસરથી કામ ચલાવવા માટે જણાવેલ છે. આ સંજોગોમાં વાદીઓ સદરહુ દાવાવાળી મિલકતમાં સ્વતંત્ર માલિક અને કબજેદાર હોઈ, પ્રતિવાદી નંબર ૧ કે નં. ૨ તથા ૩ ના નામો ગેરકાયદેસર અને ખોટી રીતે દાખલ કરેલા છે. તેઓનો આ દાવા વાળી મિલકતમાં લાગભાગ, હીત, સંબંધ કે માલિકી હક્ક કે કબજો નથી તેવું કરાવવા અને આ કામના પ્રતિવાદી નંબર ૨ તથા નં. ૩ તથા તેમના મળતીયા પ્રતિવાદી નંબર ૪ અને ૫ ના મેળાપીપણામાં દવેશબુદ્ધિથી અને ઈરાદા પુર્વક અમો વાદીઓના આ દાવાવાળી મિલકતનાં માલિકી અને કબજા ભોગવટામાં ખોટી અડચણ અને અંતરાય, દખલગીરી કરે, કરાવે નહીં, તેમનાં કબજામાં દખલગીરી કરે, કરાવે નહીં, તેમજ તેઓ તેઓને આ દાવા વાળી મિલકતમાંથી ઉપજ, નીપજ લેતાં રોકે, કે અટકાવે નહીં, અને તેઓ તેમના માણસો, એજન્ટો, વિગેરે દાવા વાળી મિલકતમાં પ્રવેશ કરે, કરાવે નહીં, તેમાં ખેતી કરે, કરાવે નહીં, તેવો જાથુનો મનાઈ હુકમ મેળવવા આ દાવો કરવાની જરૂર પડેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, આ દાવો કરવાનું કારણ આ દાવા વાળી મિલકતના તેમના પિતાશ્રી માલિક હોઈ, અને તેમના ગુજર્યા બાદ વાદીઓ આ દાવા વાળી મિલકતના કબજેદાર અને માલિક હોઈ અને પ્રથમ વખત આ કામના પ્રતિવાદી નંબર ૨ તથા ૩ નાં પતિ અને પિતા ગુજરી ગયા બાદ સને ૧૯૮૦ ની સાલમાં તેઓએ આ કામના પ્રતિવાદી નંબર ૨ તથા ૩ નાએ નં. ૪ અને ૫ ના મેળાપીપણામાં આ

મિલકતમાં  વાદીઓનો કોઈ હકક નથી તેવું જણાવતા તેઓએ ત્યારબાદ સરકારી રેકર્ડની નકલો મેળવતા આ કામના પ્રતિવાદી નંબર ૨ તથા ૩ નાં પતિ અને પિતાએ તેઓની બાલ્ય અવસ્થા અને સગીર અવસ્થા અને પરાધીતપણાનો લાભ લઈ તેમના પતિ અને પિતાના તેઓ કોઈ વારસદાર નથી અને તેઓ એકલા જ વારસદાર છે, તેથી આ કામના પ્રતિવાદી નંબર ૧ ના માણસો પાસે અધિકારીઓ અને અમલદારો પાસે ખોટી રજુઆતો કરી ખોટા જવાબો આપી અને તેમના વતી પૈસા ખરી ખોટી રીતે તેમનું નામ દાખલ કરાવ્યું અને ત્યારબાદ તેઓએ આ કામના પ્રતિવાદી નંબર ૧ નાં અમલદારો પાસે તેમનું નામ માલિકી હક્કે દાખલ કરાવવા અરજી કરી અને તેમનું નામ તેઓ સંપુર્ણ માલીક હોવા છતાં પ્રતિવાદી નંબર ૧ ના માણસોએ તેમનું નામ સહમાલિક તરીકે દાખલ કર્યું અને સર્વે નંબર ૨૨૧–૩ માં તેમનું નામ તેઓએ અરજી કરેલ હોવા છતાં તેઓને સાંભળ્યા સિવાય અને જરૂરી કાર્યવાહી કર્યા સિવાય તેઓનું નામ દાખલ કર્યું નહીં અને સરવે નંબર ૨૨૨–૨, ૨૨૨–૪ અને ૨૨૨–૫ માં તેઓનું નામ સહમાલિક તરીકે દાખલ કર્યું અને ત્યારબાદ તેમણે આર.ટી.એસ. અપીલ નંબર ૨૦–૮૫ માં તારીખ ૩૦–૧૧–૮૫ નાં રોજ સદરહુ તેમનું નામ દાખલ કરવા માટેનું કામ ફરી ચલાવવા માટે હુકમ કર્યો, જેમ કરવામાં તેમની સ્પષ્ટ બદદાનત અને પ્રતિવાદીને લાભ કરી આપવાનો ઈરાદો રાખ્યો અને તેથી પ્રતિવાદી નંબર ૨, ૩, ૪ અને ૫ ના મેળાપીપણામાં તેઓએ આ દાવા વાળી જમીનમાં તુવેરોનું વાવેતર જે ઉભું છે, તે લઈ લેવા અને તેઓને આ દાવા વાળી જમીનમાં નહીં પેસવા માટે ઉપરનો હુકમ થયા બાદ ધમકીઓ આપી અને અપીલની મુદત થયા પહેલા એન્ટ્રીમાં ફેરફાર કરાવવા પ્રતિવાદી નંબર ૧ ના માણસો પાસે કોશીશ કરાવી અને તેઓને કલેકટર સાહેબ વિરૂદ્ધ તેમના માણસોએ કરેલ આવી ખટપટથી અને તેઓને ધમકી આપી ત્યારથી તેમજ તા. ૫–૭–૮૭ નાં રોજ સ્ટેટ્યુટરી નોટીસ આપી તેમજ સરકારશ્રી તરફથી તેનો કોઈ જ જવાબ આવ્યો નહીં, ત્યારથી તેમજ દી.મુ.નં. ૧૬૯–૮૬ ને કલમ–૮૦ મુજબની નોટીસનો બાધ આવવા સંભવ હોવાથી તે વીડ્રો કર્યો ત્યારથી અને તે તે તારીખોએ આપ

નામદાર કોર્ટની સ્થાનીક હકુમતમાં ઉત્પન્ન થયું છે. વધુમાં તેઓએ દાદ માંગેલ છે કે, (૧) મોજે ગામ સુવાળા, તા. વીરમગામની સીમમાં આવેલ સર્વે નં. ૨૨૧–૩, ૨૨૨–૨, ૨૨૨–૪, અને ૨૨૨–૫ જેનું વર્ણન આ દાવા અરજીનાં પેરા ૨ માં આવેલું છે. તેમાં આ કામના પ્રતિવાદી નંબર ૨ તથા ૩ નો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, કે સંબંધ કે કબજો નથી અને આ કામના પ્રતિવાદી નંબર ૧ કે નં. ૨ તથા ૩ નું નામ વાદીઓ આ જમીનનાં માલિક હોવા છતાં તેમનું નામ દાખલ કરેલું જે સહમાલિક તરીકે દાખલ કરેલું છે, અને ત્યારબાદ આ કામમાં અમારા દાખલ થયેલા નામ તેમના હુકમ નં. આર.ટી.એસ. અપીલ નં. ૨૦–૮૫ તા. ૩૦–૧૧–૮૫ થી નવેસરથી તપાસ કરી નામ દાખલ કરવાનો હુકમ ગેરકાયદેસર અને ભુલ ભરેલો છે અને ૨૨૧–૩ માં અરજી કરવા છતાં દાખલ નહી કરવાનો હુકમ ભુલ ભરેલો છે. તેવું ઠરાવી અને આ કામના પ્રતિવાદી નંબર ૨ થી ૫ ના વાદીઓની ઉપરથી દાવા વાળી મીલકતમાં કોઈપણ પ્રકારે વાદીઓના કબજા ભોગવટામાં દખલગીરી કે અંતરાય કરે, કરાવે નહીં, તેમજ તેઓ કે તેમના માણસો, એજન્ટો, વીગેરે આ દાવા વાળી મીલકતમાં પ્રવેશ કરે, કરાવે નહી, કે વાદીઓને ખેતી કરતા રોકે કે અટકાવે નહી, તેવો જાથનો મનાઈ હુકમ આપવા તેમજ દાવાનાં ખર્ચ સહીત દાવો મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૨) આ કામે વાદીએ કુલ ૫ પ્રતિવાદી તરીકે પક્ષકાર દાખલ કરી અને હાલનો દાવો કરેલ હતો. જેમાં પ્રતિવાદી નં. ૨–એ અને પ્રતિવાદી નં. ૩ તરીકે કોકીલાબેન જયચંદભાઈને દર્શાવેલ હતા તેઓ બંને એક જ વ્યકિત છે. વધુમાં ગોપાલભાઈ વરવાભાઈને પ્રતિવાદી નં. ૪ તરીકે દર્શાવેલ હતા અને તેઓના પુત્ર આશાભાઈ ગોપાલભાઈને પ્રતિવાદી નં. ૫ તરીકે દાવો દાખલ કરતા સમયે દર્શાવેલ હતા પરંતુ ત્યારબાદ ગોપાલભાઈ વરવાભાઈ ગુજરી જતા તેઓના વારસદારોને અનુક્રમે પ્રતિવાદી નં. ૪/૧ થી ૪/૭ તરીકે જોડેલા છે જેમાં ૪/૨ તે આશાભાઈ ગોપાલભાઈ છે જે આ કામે મુળ દાવામા પ્રતિવાદી નં. ૫ તરીકે જોડેલા હતા અને તેઓને સુધારેલી દાવાઅરજીમા ૪/૨

થી જોડેલા હોય સુધારેલી દાવાઅરજીમા પ્રતિવાદી નં. ૫ તરીકે તેમનો ઉલ્લેખ કરેલ નથી. તેમજ આશાભાઇ ગોપાલભાઇ પણ ગુજરી જતા તેઓના વારસદારોને આ કામે ૪/૨/૧ થી ૪/૨/૪ સુધી જોડેલા છે તેમજ પ્રતિવાદી નં. ૪/૫ પણ ગુજરી જતા તેઓના વારસદારોને ૪/૫/૧ થી ૪/૫/૩ સુધી જોડેલા છે.

(૩) સદર કામે વાદી તરફે આંક–૦૫ ની મનાઇ હુકમની અરજી રજુ કરવામાં આવેલ છે. જે વાદીની અરજી મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી ધ્વારા તા.૦૮/૦૮/૨૦૦૨ ના રોજ હુકમ કરી અંશત: મંજુર કરવામાં આવેલ છે અને આ કામના પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનમાં કબજા, ભોગવટાની સ્થિતી આ દાવાના નિકાલ સુધી યથાવત જાળવી રાખવાનો હુકમ કરવામાં આવેલ છે અને આ અરજીનું ખર્ચ દાવાને અનુસરશે તેવો હુકમ કરવામાં આવેલ છે.

(૪) આ દાવાના કામે પ્રતિવાદીઓને સમન્સ/ નોટીસ કરવામા આવેલ છે અને પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ/ નોટીસની બજવણી થયેલ છે. સદર કામે પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી મારફત અદાલત સમક્ષ હાજર થયેલા છે અને પ્રતિવાદીઓએ તેમના વાંધા જવાબ સદર કામે રજુ કરેલ છે. પ્રતિવાદી નં. ૧ તરફે આંક– ૩૨ થી લેખિત જવાબ તથા પ્રતિવાદી નં.૩( પ્રતિવાદી નં.૨–એ) કોકીલાબેન તે જયચંદભાઇની દીકરી તરફે આંક– ૪૫ ,પ્રતિવાદી નં. ૪–એ થી ૪–જી (૪/૧ થી ૪/૭)તરફે આંક– ૭૧ થી તેમના લેખિત જવાબ રજુ કરેલ છે.

(૫) હાલનાં કામે પ્રતિવાદી નં. ૧ તરફે આંક– ૩૨ થી સદર દાવાઅરજીનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ મહદઅંશે દાવા અરજીની હકીકતોનો ઇન્કાર કરેલ છે. તેમજ મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના વાદી પ્રતિવાદી નં.૧ સામે દાવા માટે હકકદાર નથી આ કામના પ્રતિવાદી નં.૧ ગુજરાત

સરકારશ્રી છે. સીવીલ પ્રોસીઝર કોડની જોગવાઇઓ મુજબ સરકારશ્રીને નોટીસ આપવી જરુરી છે. સદર કામમાં આ કામના વાદીએ નામદાર ગુજરાત સરકારશ્રીને તે મુજબની નોટીસ આપેલ ન હોઈ સદર દાવો રદ્દ થવાને પાત્ર છે તથા આ કામના દાવા અરજીની સમગ્ર વિગતો તેઓને કબુલ મંજુર નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, વાદીની દાવા અરજીના પેરા નં.૧ તથા ૨ ની સામે જણાવે છે કે, મોજે સુવાળા તા.વિરમગામ અગાઉ તાલુકદારી ગામ હતુ. તાલુકદારો વખતે દરબારોની જમીન જે આ સીમમાં આ ખેડે તે લોકો તેમના કયમી ખેડુત હતા. તે સમયે મોજે સુવાળાની સીમના સર્વે નં.૨૨૧/૩, ૨૨૨/૨, ૨૨૨/૪, ૨૨૨/૫ ના જમીનના કાયમી ખેડુત ચતુર વરવાનું નામ ગામ રેકર્ડમાં નોંધ નંબર ૪૫ થી તા.૧૮/૧૨/૫૬ ના રોજ દાખલ થયેલ હતુ અને તેઓ આ જમીનમાં ખેડુત તરીકે વાવેતર કરતા હતા. ત્યારબાદથી શ્રી ચતુર વરવા તા.૧૩/૦૫/૫૬ ના રોજ ગુજરી જવાથી તેમના વારસદાર તરીકે જયચંદ વરવાનું નામ દાખલ કરવા માટે નોંધ નં. ૯૨, તા. ૨૬/૦૭/૫૭ ના રોજ પાડવામાં આવેલ. તે નોંધના છેલ્લા કોલમમાં નોંધ મંજુર કરનાર અધિકારીએ ચતુર વરવાનું પેઢીનામુ અને પંચોની ખાતરી કર્યા બાદ રદ્દ કરવા જણાવેલ અને નોંધ નવેસરથી પાડવા સુચના આપેલ. તે હકીકત જોતાં નોંધ નં.૯૨ મંજુર થયેલ નથી. રેકર્ડ ઓફ રાઇટસ અને લેન્ડ રેવન્યુ કાર્ડના નિયમોનુસાર નોંધ મંજુર થાય નહી ત્યાં સુધી તેનો અમલ થઇ શકે નહી. જયારે નોંધ નંબર ૧૬૧,તા.૩૧/૦૭/૫૭ ના રોજ માલીકી હકક જયચંદ વરવાએ પટની રકમ રૂા.૧૦-૬-૦૦ ભરેલ હોવાથી પાડવામાં આવેલ છે. તે અરસામાં ટેનન્સી કાયદો અમલમાં આવેલ હતા. તા.૦૧/૦૪/૫૭ ના રોજ જે ગણોતીયા જમીન ખેડતા હોય તેને ગણોતધારા કલમ-૩૨-ગ પ્રમાણેના કેશો ચલાવીને જમીન માલીક બનાવવામાં આવતા હતા ત્યારે ચતુર વરવા તા.૧૩/૦૫/૫૬ ના રોજ ગુજરી ગયેલ હોવાથી તેમના બદલે ટેનન્સી કોર્ટમાં જયચંદ વરવાએ હાજર રહીને જમીન માલીકને પટની રકમ ભરી હશે. જમીન માલીક કેશો ચાલતી વખતે હાજર રહેતા હોય છે અને બંનેની રુબરુમાં જુબાનીઓ લેવામાં આવતી હોવાથી જમીન માલીકે

જયચંદ વરવા તે ચતુર વરવાના ભાઈ હોવાના નાતે કબુલ રાખીને તેમની પાસેથી ગણોતની (૬ પટની) રકમ લીધેલ હશે. તે આધારે જયચંદ વરવા જમીન માલીક બનેલ છે તે નોંધ નંબર ૧૬૧ , તા.૨૫/૦૬/૫૮ ના રોજ અધિકારીએ મંજુર કરેલ છે. તે અરસામાં જયચંદ વરવા અને ચતુર વરવા સંયુકત કુટુંબમાં રહેતા હોવા જોઈએ અને તે કારણે જયચંદ વરવાનું નામ દાખલ થયેલ જણાય છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, ઉપરોકત વિગતો જોતાં આ કામના વાદીએ ખોટી વિગતો ઉપજાવી કાઢીને દસ્તાવેજી પુરાવાઓ ઉપલબ્ધ હોવા છતાં સદર દાવો કરેલ હોઈ ઉપરોકત કહેવાતો દાવો રદ્દ થવાને પાત્ર છે. વધુમાં તેઓ જણાવે છે કે, આ કામના વાદીની દાવા અરજીના પેરા નં. ૩ અને ૪ ની વિગતો વાદીએ દસ્તાવેજી પુરાવાથી અને તેના આધારે સાબીત કરવી જોઈએ. તેમજ વાદીની દાવા અરજીના પેરા નં.૫ અને ૬ માં જણાવેલ વિગતો ખોટી અને ઉપજાવી કાઢેલ છે અને તે બાબતે છણાવટ કરેલ છે. તે બાબત સમગ્ર છણાવટ પ્રતિવાદી નં. ૧ તરફે રજુ કરેલ સદર જવાબના પેરા નં.ર માં જણાવેલ છે. વધુમાં વાદીની દાવા અરજીના પેરા નં.૭ ની વિગતો બાબતે સ્પષ્ટતા કરેલ છે કે, જયચંદ વરવા તા.૨૫/૧૨/૭૧ ના રોજ ગુજરી જવાથી વારસાઈની નોંધ નં.૧૨૬૩, તા.૦૮/૦૧/૭૭ ના રોજ પાડવામાં આવેલ અને ઉપરોકત વારસાઈથી અંબાબેન તે જયચંદ વરવાની વિધવા અને સગીર કોકીલાબેન તે જયચંદ વરવાની દીકરીના નામો દાખલ કરવામાં આવેલ અને ઉપરોકત કાર્યવાહીની નોંધ મંજુર થયેલ તથા નોંધ નંબર ૧૬૧, તા.૩૧/૦૭/૫૭ થી જયચંદ વરવાનું નામ માલીક હકકે દાખલ થયેલ હોઈ તથા તેમના ગુજરવાથી તેમના વારસદારનું નામ ઉપરોકત નોંધ નં.૧૨૬૩, તા.૦૮/૦૧/૭૭ ના રોજ દાખલ થયેલુ છે. ઉપરોકત હકીકત જોતાં ૨૦ વર્ષ જેટલા સમય દરમ્યાનમાં ઉપરોકત કામમાં ઉપરોકત વિગતો બાબતે કોઈ દાદ, ફરીયાદ કરવામાં આવેલ નથી અને ઉપરોકત કહેવાતી મીલકત દાવેદારશ્રી સંપત ચતુર દંતાણીના નામે સરકારે રેકર્ડમાં હાલમાં ચાલતા હોઈ અને હાલમાં પ્રત્યક્ષ કબજો પણ ઉપરોકત વાદીનો હોઈ તે હકીકત જોતાં આ કામનો દાવો આ

પ્રશ્નની વિગતો બાબતે હોઇ તે રદ્દ થવાને પાત્ર છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, વાદીની દાવા અરજીના પેરા નં.૮ તથા ૯ ની વિગતો જોતાં, દાવેદાર તેમના પિતા ચતુર વરવા ગુજરી જવાથી તેમના વારસદારો હોવાની રજુઆત ઉપરથી તલાટીએ ગામ રેકર્ડમાં નોંધ નં.૧૩૫૫ થી તા.૨૬/૦૫/૮૦ ના રોજ ચતુર વરવાના વારસદાર સંપતભાઇ ચતુરભાઇ અને જામાભાઇ ચતુરભાઈનું નામ દાખલ કરેલ છે. તેમાં સર્વે નં.૨૨૧/૩ નો સમાવેશ કરાયેલ નથી. જે કરવા માટે તલાટીને ઇલાયદી ખબર આપવમાં આવશે. સદરહું નોંધ નંબર ૧૩૫૫ થી નારાજ થઇને પ્રતિવાદી નં.૨ નાએ નોંધ વિરુધ્ધની અપીલ મે.નાયબ કલેકટરશ્રી વિરમગામ પ્રાંત અમદાવાદની કોર્ટમાં કરેલ હતી. જે કામે મે.નાયબ કલેકટરશ્રીએ તેમના ઠરાવ નં.આર.ટી.એસ./અપીલ નં.૨૦/૮૫, તા.૩૦/૧૧/૮૫ થી નોંધ નં.૧૩૫૫ રદ્દ કરીને ખરા વારસદારની ખાત્રી કરી નવેસરથી નોંધ પાડવા મામલતદારશ્રી વિરમગામને જણાવ્યુ. તે હુકમથી નારાજ થઇને હાલના વિવાદીશ્રી સંપતભાઇ ચતુરભાઇ છે. મે.કલેકટરશ્રી અમદાવાદની કોર્ટમાં અપીલ કરીને તા.૨૯/૦૧/૮૫ ના રોજ મનાઇ હુકમ મેળવેલ હોઇ હાલમાં આ નોંધ નંબર ૧૩૫૫ અમલમાં ચાલુ રહેલ છે. આમ, ઉપરોકત વિગતો જોતાં પણ આ કામના વાદીની દાવા અરજીમાં જણાવેલ હકીકત અપ્રસ્તુત અને ખોટી હોઇ તેઓએ જણાવેલ દાદ મેળવવા તેઓ હકકદાર નથી. વધુમાં તેઓએ વાદીની દાવા અરજીના પેરા નં.૧૦ સામે સ્પષ્ટતા કરેલ છે કે, નામદાર ટેનન્સી કોર્ટમાં દાવાવાળી જમીનમાં માલીક તરીકે પટની રકમ જયચંદ વરવાએ ભરેલ હોવાથી તેમાં જયચંદ વરવાનું નામ દાખલ કરવામાં આવેલ છે. હકીકતમાં આ કામના વાદીની દાવાની વિગતો જોતાં તેઓના પિતા ચતુર વરવા કાયમ ખેડુત હોવાથી તેમના વારસદારો (આ કામના વાદીઓ) સીવાય અન્ય કોઇ માલીક રહેતા નથી, પરંતુ આ કામના વાદીના પિતા ચતુર વરવાના ભાઇ જયચંદ વરવા તે સમયે હયાત હોવાથી તેમનું નામ દાખલ કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત વિગતો જોતાં પણ વાદી ઉપરોકત કહેવાતા દાવામાં જણાવેલ દાદ મેળવવા હકકદાર ન હોઇ તે રદ્દ થવાને પાત્ર છે. વધુમાં વાદીના દાવા

અરજીના પેરા નં.૧૧ અને ૧૨ ની વિગતો ખોટી અને ઉપજાવી કાઢેલી છે. હકીકતમાં, ઉપરોકત દાવાની સમગ્ર વિગતો માટે સુવાળા ગામે તપાસ કરતાં હાલના ઉપરોકત કહેવાતા વાદીઓ તથા પ્રતિવાદી નં.૨ થી ૪ ના ઇસમો સુવાળા ગામે રહેતા નથી તેમજ ઉપરોકત કામના વાદીએ સદર દાવામાં જણાવેલ જમીનોમાં ચાલુ વર્ષ ઠાકોર કેશાજી રાવતા જો પાસે અડધા ભાગે વાવેતર કરાવેલ છે અને તે બાબતનું કાયદેસરનું પંચનામુ તલાટી કમ મંત્રી સુવાળાએ તા.૨૬/૦૮/૯૦ ના રોજ કરેલ છે તે દસ્તાવેજો પુરાવા રૂપે ઉપલબ્ધ છે. સદર દાવાના કામે પુરાવા રૂપે લીસ્ટ સાથે રજુ કરેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, તેઓ પ્રતિવાદી નં.૧ તરફે રજુ કરવામાં આવેલ જવાબોની વિગતો જોતાં સ્પષ્ટ રીતે પુરવાર થાય છે કે, ઉપરોકત કહેવાતો વાદગ્રસ્ત જમીન ઉપર આ કામના વાદીનો પ્રત્યક્ષ કબજો હોઇ તેમજ આ કામના પ્રતિવાદીઓ નંબર ૨ થી ૪ ઉપરોકત ગામમાં રહેતા ન હોઇ તેમજ સંપત ચતુરનું નામ રેકર્ડ ઓફ રાઇટમાં સને-૧૯૮૦-૮૧ થી દાખલ કરવામાં આવેલ હોઇ ઉપરોકત કહેવાતા દાવો વાદીની જણાવેલ વિગતો મુજબ ચાલી શકે તેમ ન હોઇ તે રદ્દ થવાને પાત્ર છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, ઉપરોકત જવાબની વિગતો જોતાં આ કામનો દાવો રદ્દ થવાને પાત્ર હોઇ તેને રદ્દ કરી પ્રતિવાદી નં.૧ કે જે ગુજરાત નામદાર સરકારશ્રીને ખોટી વિગતો દર્શાવીને પક્ષકાર બનાવેલ હોઇ સરકારશ્રીને થયેલ ખર્ચ પણ અપાવવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૬) હાલનાં કામે પ્રતિવાદી નં. ૩ (પ્રતિવાદી નં.૨/એ) કોકીલાબેન તે જયચંદભાઇની દીકરી તરફે સદર દાવાઅરજીનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના વાદીઓએ દાવા અરજીમાં જણાવેલ પ્રતિવાદીઓ વિરુધ્ધમાં જે ગામ સુવાળા, તા.વિરમગામ, જી.અમદાવાદની સીમના સર્વે નં.૨૨૨/૨, ૨૨૨/૪, ૨૨૨/૫ અને ૨૨૧/૩ વાળી ખેતી ઉપયોગી જમીનો પ્રતિવાદી નં.૨ તથા ૩,૪,૫ નાઓ સદર દાવાવાળી જમીનો પ્રત્યે કોઇ લાગભાગ, હકક, હીત,હીસ્સો સંબંધ છે નહી અને વાદીઓ સ્વતંત્ર

માલીક છે તેવુ જાહેર કરાવવા તેમજ પ્રતિવાદી નં.૨ ગુજરનારનાં વારસનું સહ માલીક તરીકે ખોટુ નામ દાખલ થયેલ છે તેવુ જાહેર કરાવવા તેમજ ત્યાં સુધી પ્રતિવાદી નં.૨ થી ૫ ના દાવાવાળી જમીનના વાદીના કબજામાં હરકત હેલો અડચણ કરે કરાવે નહી તેવો જાથુનો મનાઇ હુકમ મેળવવા બાબતનો દાવો કરેલ છે જે દાવા અરજી તથા મનાઈ અરજી તેઓએ વાંચેલી છે અને હકીકત સમજેલી છે. વધુમાં વાદીએ તેમની દાવા અરજીમાં જણાવેલી વિગતો ખરી છે ખરેખર સદર જમીનની સનદ વાદીના પિતાને મળેલી છે અને તેઓ ગુજર્યા તે સમયે તેમના માતૃશ્રી સદર વાદીઓની સંભાળ રાખતા હતા. તેમના પિતાનો સદર જમીનમાં કોઇ માલીકી હકક હતો નહી કે તેમના માતૃશ્રીનો પણ માલીકી હકક હતો નહી તેથી તેમનો પણ કોઇ હકક નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.૪ અને ૫ નો પણ ખરેખર કોઈ હકક હીસ્સો નથી કે તેઓ સહ માલીક નથી. તેમના પિતાએ જમીનના પટના પૈસા ભરેલા છે પરંતુ તે વાદીઓના માતૃશ્રી મંગુબેન પાસેથી લઇને ભરેલા હતા. જે તેમના ગુજરનાર માતૃશ્રીએ જણાવેલ તેથી તમામ પ્રતિવાદી નં.૨ થી ૫ પૈકી કોઇનો પણ હક હીસ્સો પોસાતો નથી. સદર દાવાવાળી મીલકત વાદીના પ્રત્યક્ષ કબજે, ભોગવટે છે. ખેતીની ઉપજ નીપજ પણ તેઓ લે છે, સદર પ્રતિવાદીઓ કોઇપણ જાતનું હીત દાવાવાળી મીલકતમાં ધરાવતા નથી. વધુમાં પ્રતિવાદી નં.૨ એ આથી વધુમાં જણાવે છે કે, સદર પ્રતિવાદી નં.૪ અને ૫ નામે એક દાવો સદર કામના વાદીઓ વિરુધ્ધ દી.મુ.નં.૨૧૨/૯૦ થી કરેલ છે. સદર દાવામાં તેઓ પક્ષકાર નથી. સદર પ્રતિવાદી નં. ૪ અને ૫ નાએ દી.મુ.નં.૨૧૨/૯૦ માં પ્રતિવાદી નં.૨ –એ ના ગુજરનાર માતૃશ્રી અંબાબેનનાએ તા.૦૪/૦૨/૮૬ ના રોજ એક કહેવાતું વીલ જેમાં દાવાવાળી મીલકતોનો સમાવેશ થાય છે તે વીલ તેમની તરફેણમાં લખી આપ્યાનું જણાવેલ છે તે વીલ તદ્દન ખોટુ છે. તેમના માતૃશ્રીએ આવુ કોઇ વીલ કરેલ નથી. કારણ કે તેમના માતૃશ્રીની કોઇ ખેતી ઉપયોગી જમીનો ન હતી. તેમના માતૃશ્રીએ મ્યુ.સે.નં.૮૬૩–૧૪ વાળી ભાડુઆત હકક વાળી જગામાં ઉપરદળ તથા તેમાં આવેલ રાચરચીલા અને જંગમ મીલકત બાબતનું વીલ

તેમની તફરેણમાં કરી આપેલ છે તે સીવાય બીજા કોઇ વીલ કરી આપેલ નથી. તેમના માતૃશ્રી તા.૩૦/૦૩/૮૬ ના રોજ ગુજરી ગયા છે. તેમને તા.૨૧/૧૧/૮૪ ના રોજ વીલ કરી આપેલ છે તેમાં તેમની માલીકીની તમામ સ્થાવર મીલકતનો ઉલ્લેખ કરેલ છે. જેમાં દાવાવાળી મીલકતનો ઉલ્લેખ નથી. તેથી તા.૦૪/૦૨/૮૬ ના રોજ કોઇપણ વીલ કરી આપેલ નથી. આથી આવુ કહેવાતુ વીલ તદ્દન ખોટુ છે. તેઓ તેમના એકમાત્ર વારસદાર હોવા છતાં તેઓને સદર દી.મુ.નં.૨૧૨/૯૦ માં પક્ષકાર તરીકે જોડેલા નથી. જે તેમનો કપટ યુકત ઈરાદો બતાવે છે. વાદીનો દાવો ખરો છે. આથી તેઓને માંગ્યા મુજબની દાદ આપવામાં આવે તો તેમને કોઇ વાંધો કે તકરાર ન હોવાનું જણાવેલ છે.

**(૭)** હાલનાં કામે પ્રતિવાદી નં.૩( પ્રતિવાદી નં.૨–એ) કોકીલાબેન તે જયચંદભાઇની દીકરી તરફે આંક– ૪૫ થી સદર દાવા અરજી તથા મનાઇ અરજીનો વધારાનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.૪ અને ૫ ને તેઓ જાણે છે. પ્રતિવાદી નં.૪ તેમના કાકા છે અને પ્રતિવાદી નં. ૫ તેમના કાકાના દીકરા ભાઇ છે. સદરહું દાવાવાળી મીલકતમાં પ્રતિવાદી નં.૪ અને ૫ નો હોઈ હકક, હીત, હીસ્સો સમાયેલ નથી. સદરહું સામાવાળા નં.૪ તથા ૫ ના જો વીલની હકીકત નામદાર કોર્ટ રુબરુ રજુ કરે તે અગાઉ તેઓ સાચી હકીકત નામદાર કોર્ટને જણાવે છે. સામાવાળા નં.૨–એ તે તેમના પિતા જયચંદભાઇ વરવાભાઇ અને માતૃશ્રી અંબાબેન જયચંદભાઇના એક માત્ર સંતાન છે. સદરહું ગુજરનાર અંબાબેન તેમના માતૃશ્રી તા.૩૦/૦૩/૮૬ ના રોજ ગુજર્યા અગાઉ તા.૨૧/૦૪/૮૪ ના રોજ રજીસ્ટર્ડ વીલ તેઓની તરફેણમાં કરેલુ છે. જયારે સદર પ્રતિવાદી નં.૪ અને ૫ નાએ પ્રતિવાદી નં.૩ ના માતૃશ્રીનો ખોટો અંગુઠો પાડી નોટરી રૂબરૂ  એક બનાવટી વીલ ઉભુ કરી તે વીલ ખરુ છે તેવો વિદ્વાન તલાટી સાહેબ રૂબરૂ અને મામલતદાર સાહેબ રૂબરૂ રજુ કરી નોંધ નં.૧૬૫૮ ગામ દફતરે પડાવેલ છે અને તે જ રીતે નોંધ નં.૧૬૫૭ થી તેઓએ સહ ભાગીદાર

તરીકેની નોંધ પડાવેલ છે. જે અંગે તેઓએ વાંધાઓ લેતાં આર.ટી.એસ. કેસ નં.૫–૯૫ માં તેમના વાંધાઓ માન્ય નહી રાખી તે એન્ટ્રીઓ કન્ફર્મ કરેલી છે તે વિરુધ્ધ પ્રાંત અધિકારી સાહેબ રૂબરૂ હાલના વાદીએ અપીલ દાખલ કરી જે આર.ટી.એસ.નં.૭૫–૯૫–૯૬ થી પ્રાંત ઓફીસર સાહેબ પાસે જારી છે જેમાં તેઓએ વિગતવાર લેખીત જવાબ તથા લેખીત દસ્તાવેજો રજુ કરેલા છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૪ તથા ૫ માથાભારે માણસો છે અને તેઓએ આવા ખોટા વીલ બનાવી વિદ્વાન સીટી સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં તેઓની ઉપરદળની માલીકીનું મકાન મ્યુ.સે.નં.૮૬૩ કોચરબમાં આવેલ છે તે મકાન કબજે કરી લેવા દાવો કરેલો અને તે મીલકત બચાવવા માટે તેઓએ પણ નં.૩૪૦૨–૮૬ થી દાવો કરેલો છે, જે બંને દાવામાં આંક–૫ નીચે કોમન હુકમ વિદ્વાન સીટી સીવીલ જજ સાહેબશ્રીએ કરેલો છે. જેમાં સદર પ્રતિવાદી નં.૪ અને ૫નું અનરજીસ્ટર્ડ વીલ એ ખરૂ નથી અને ખોટુ ઉભુ કરેલુ છે. જયારે હાલના પ્રતિવાદી નં.૩ નું વીલ ખરુ છે તેવુ મંતવ્ય આપેલ છે અને તે હુકમના અન્વયે તેઓને તેમનું તાળુ મારવા દઈ અને તેઓને તે મકાન કબજે આપેલ છે. તેઓની તરફેણમાં કરી આપેલ વીલમાં સદર દાવાવાળી મીલકતનો ઉલ્લેખ નથી, જયારે પ્રતિવાદી નં.૪ અને ૫ નાએ કહેવાતુ વીલ કર્યુ છે તેમાં સદર દાવાવાળી મીલકતનો ઉલ્લેખ છે જે દર્શાવે છે કે તેઓ દાવાવાળી મીલકત માલીકી હકકે કબજે કરી લેવા માટે જ તેવુ વીલ ઉભુ કરેલ છે તે તમામ સંજોગોમાં પ્રતિવાદી નં.૪ અને ૫નું દાવાવાળી મીલકતમાં કોઈ હકક, હીત કે હીસ્સો કે સંબંધ કે લાગભાગ પોસાતો નથી. તેમના પિતાએ વાદીના માતૃશ્રી પાસેથી છ પટની રકમના પૈસા લઈ જે માલીકી હકક મેળવેલો છે તેમાં સદરહું પ્રતિવાદી નં.૪ અને ૫ નાનો કોઈ ફાળો નથી, તેમનો કોઈ કબજો નથી અને તેમની કોઈ હકીકત માન્ય રાખી શકાય તેમ નથી તે સંજોગોમાં પ્રતિવાદી નં.૪ અને ૫ કોઈ દાદ મેળવી શકતા નથી અને વાદીએ જે મીલકત માટેનો મનાઈ હુકમ માંગ્યો છે તે મનાઈ હુકમ તે સંજોગોમાં મળવાને પાત્ર છે. આમ, ઉપરોકત હકીકતે

પ્રતિવાદી નં.૪ અને ૫ નો કોઇ હકક , દાવો બનતો નથી તે જાહેર કરવા અરજ ગુજારેલ છે.

(૮) હાલનાં કામે પ્રતિવાદી નં. ૪–એ થી ૪–જી (૪/૧ થી ૪/૭)તરફે આંક– ૭૧ થી સદર દાવા અરજીનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, વાદીને આ કે આવા પ્રકારનો દાવો કરવાનો કોઈ હકક અધિકાર નથી, વાદીની દાવા અરજીમાં સત્ય હકીકતો છુપાવીને ખોટી હકીકતો જણાવેલ હોઈ વાદીએ મટીરીયલ્સ સપ્રેશન ઓફ ફેકટસ હોઈ, વાદીના દાવામાં જણાવેલ હકીકતો આ જવાબમાં કબુલ કર્યા સીવાયની ખરી નથી અને કબુલ નથી, વાદીના દાવા અરજીની દાદ કાયદેસરની અને જોગવાઈઓ મુજબની ન હોઈ રદ્દ થવાને પાત્ર છે તેમ જણાવેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, સદર દાવાવાળી જમીન સરકારી રેકર્ડમાં તાલુકેદાર ઠાકોરશ્રી કીર્તીસીંહજી તખતસીંહજીના નામે ચાલતી આવેલી. જેમના નામની એન્ટ્રી નં.૫ તા.૧૧/૧૨/૫૪ ના રોજ દાખલ થયેલ. ત્યારબાદ જયચંદ વરવા છ પટની રકમ દરબારશ્રીને ભરતાં જયચંદ વરવા સ્વતંત્ર માલીક કબજેદાર બનેલા. જે બાબતની એન્ટ્રી નં.૧૬૧, તા.૩૧/૦૭/૫૭ ના રોજ પડેલ છે. જે પહેલા વાદીઓના પિતા સવ.ચતુરભાઈ વરવાભાઈ તા.૧૩/૦૫/૫૬ ના રોજ ગુજરી ગયેલ અને તા.૩૧/૦૭/૫૭ થી કાયમી ખેડુત કે સામાન્ય ગણોતીયા નહી, પરંતુ માલીક તરીકે પટની રકમ ભરીને એન્ટ્રી નં.૧૬૧ થી જયચંદભાઈ વરવાભાઈ માલીક બનેલા. જે તા.૨૧/૧૨/૭૬ ના રોજ ગુજરી જવાથી તા.૦૮/૦૧/૭૭ ના રોજ એન્ટ્રી નં.૧૨૬૩ થી અંબાબેન તે જયચંદ વરવાભાઈની વિધવા તથા સગીર કોકીલાબેનનું નામ દાખલ થયેલ. ત્યારબાદ વાદીઓએ તા.૨૬/૦૫/૮૦ ના રોજ તેમના પિતા દસ વર્ષ પહેલા ગુજરી ગયા છે તેવી ખોટી રજુઆત કરી વારસાઈથી એન્ટ્રી નં.૧૩૫૫ થી સંપતભાઈ અને જામાભાઈના નામો દાખલ કરાવેલા. જે એન્ટ્રી ખોટી હોઈ અંબાબેને નાયબ કલેકટરશ્રી સમક્ષ અપીલ કરેલ. જે રેવન્યુ એન્ટ્રી ખોટી હોઈ રદ્દ કરવા હુકમ થયેલ. જે નંબર ૧૪૭૩ થી

તા.૨૦/૧૨/૮૫ ના રોજ એન્ટ્રી નં.૧૩૫૫ થી હુકમની નોંધ કરવામાં આવેલ છે અને છેવટે હાલમાં તેઓ પ્રતિવાદીના સ્વ.પિતાશ્રી ગોપાલભાઈ વરવાભાઈના વારસાઈમાં પ્રતિવાદી નં.૪–એ થી ૪–જીના નામ રેકર્ડ ઉપર ચાલે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, પ્રતિવાદીઓ શરુઆતથી જ માલીક કબજેદાર હતા અને છે તેમ છતાં વાદીએ હાલનો દાવો ખોટી હકીકતોના આધારે અને નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવાના બદઈરાદાથી રજુ કરેલ હોઈ વાદીની દાવા અરજી અને વિવાદીના ખર્ચ સહીત રદ કરવા અને રેવન્યુ રેકર્ડમાં પડેલ એન્ટ્રી નંબર ૧૬૫૮ અને ૧૭૭૬ ખરી અને સાચી છે તેવુ ઠરાવી આપવા વિનંતી કરેલ છે.

(૯) આ કામે પ્રતિવાદી નં.૪ ગોપાલભાઈ વરવાભાઈ અને પ્રતિવાદી નં.૫ આશાભાઈ ચાલુ દાવે ગુજરી જતા આંક–૬૩ થી તેઓના વારસદારોને રેકર્ડ પર જોડવા અરજી આપેલ છે. જેના પર મારા પુરોગામી અધિકારીશ્રીએ હુકમ કરી તેઓના વારસદારોને જોડેલ છે. વળી, આ કામે પ્રતિવાદી નં.૪ ગોપાલભાઈ વરવાભાઈ ના એક વારસ આશાભાઈ ગોપાલભાઈ પ્રતિવાદી નં.૫ તરીકે અગાઉથી જોડેલ છે અને બીજા વારસોને જોડવા હુકમ થયેલ છે.

(૧૦) આ કામે વાદી તરફે આંક–૯૭ થી સદર દાવો વિરમગામ કોર્ટ ખાતે ટ્રાન્સફર ન કરવા માટે અરજી આપવામાં આવેલ હતી, પરંતુ મારા પુરોગામી અધિકારીશ્રીએ સદર અરજી ટકી શકે તેમ ન હોય, સદર દાવો વિરમગામ સીની.સીવીલ કોર્ટમાં ટ્રાન્સફર કરવા હુકમ કરેલ છે.

(૧૧) ત્યારબાદ આ કામે આંક–૧૦૨ થી વાદી નં.૨ ગુજરી જતાં તેમનાં વારસો દાખલ કરવા અરજી રજુ કરતાં હાલના કામે સદર અરજી મંજુર કરવામાં આવેલ છે.

**(૧૨)** આ કામે હાલના દાવાની સાથે જ રે.દિ.મુ.નં.૧૬૧/૨૦૦૩ (જુનો નં.૨૧૨/૧૯૯૦) નો ચાલતો હતો. જે કામે બંને દાવા સાથે ચલાવવા નામ.ડીસ્ટ્રીકટ કોર્ટ, અમદાવાદમાં અરજી કરતાં તેને સાથે ચલાવવા હુકમ કરેલ હતો અને તે મુજબ સદર દાવો નામ.એડી.સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં ટ્રાન્સફર થઇને આવેલ હતો. જે દાવો ઘણો જ મોડો વિરમગામ આવેલ હોવાથી તે કામના વાદીઓ હાજર ન રહેતાં તે તા.૧૬/૧૦/૨૦૦૮ ના રોજ ડી.ડી. કરેલ હતો. જેને રીસ્ટોરેશન કરવા સારૂ ડીલેકોન્ડોન અરજી અત્રેની કોર્ટમાં તેઓએ કરેલ. જે અરજી તા.૧૯/૦૯/૨૦૧૧ ના રોજ નામંજુર (રદ્દ ) કરેલ હતી. જેની સામે તે કેસનાં વાદીઓએ નામ.સેશન્સ કોર્ટમાં સીવીલ પરચુરણ અરજી નં.૧/૧૨ થી અરજી કરેલ હતી. જેમાં નામ.ડીસ્ટ્રીકટ કોર્ટે તા.૦૩/૧૦/૨૦૧૨ ના રોજ અરજી ડીસમીસ કરેલ છે.

ત્યારબાદ આ કામના પ્રતિવાદીઓએ કે જેઓ રે.દી.મુ.નં.૧૬૧/૨૦૦૩ ના કામે વાદીઓ છે, તેઓએ નામદાર હાઇકોર્ટ સમક્ષ સ્પે. સીવીલ એપ્લીકેશન નં.૩૧૮/૨૦૧૩ થી દાખલ કરેલ અને તેમાં નામદાર હાઇકોર્ટે તા.૧૮/૦૯/૨૦૧૪ ના રોજ હુકમ કરી તેઓની અરજીના પેરા–૧૦(સી) અને ૧૦(ડી) મુજબનાં સ્ટે મંજુર કરેલ હતા. એટલે કે હાલનો દાવો સદર સ્પે.સીવીલ એપ્લીકેશન ના નિકાલ સુધી સ્ટે કરેલ હતો. ત્યારબાદ નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૧૮/૦૮/૨૦૨૫ ના રોજ સદર કેસમાં હુકમ કરેલ છે અને તેમાં જણાવ્યા પ્રમાણે રે.દી.મુ.નં.૧૬૧/૨૦૦૩નું કામ રૂા.૨૫૦૦૦/– ખર્ચનાં અત્રેની કોર્ટમાં જમા કરાવ્યેથી અને આ રકમ પ્રતિવાદી નં. ૧ સંપતભાઇને ચુકવી આપવાની શરતે સદર દાવો રીસ્ટોર કરેલ હતો તેમજ આ બંને દાવા ઝડપી ચલાવી તા.૩૦/૦૬/૨૫ અથવા તે પહેલા પુરા કરવા સુચના આપેલ હતી. તેમજ આ બંને દાવાના પક્ષકારોને પણ સદર દાવા પુરા કરવામાં જરૂરી સહકાર ટ્રાયલ કોર્ટને આપવા હુકમ કરેલ હતો.

ત્યારબાદ સદર કામ આગળ ચલાવેલ છે અને રે.દી.મુ.નં.૧૬૧/૨૦૦૩ નું કામ રીસ્ટોર કરેલ છે અને બંને કામ આગળ ચલાવેલ છે.

**(૧૩)** ત્યારબાદ આ કામે **આંક– ૮૧ થી મુદ્દા** કાઢવામાં આવેલ છે.

**(૧૪)** ત્યારબાદ આ કામે વાદી તરફે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખીક પુરાવાઓઃ–**

| **અનુ.નં.** | **મૌખિક પુરાવો** | **આંક** |
|---|---|---|
| ૧ | વાદી સંપતભાઇ ચતુરભાઇ દંતાણીનું સરતપાસનુ સોગંદનામુ | ૮૫ |

**દસ્તાવેજી પુરાવોઃ–**

| **અનુ. નં.** | **દસ્તાવેજી પુરાવો** | **ટે.આંક** |
|---|---|---|
| ૧. | વાદીના મર્હુમ પિતાને કટોસણ સ્ટેટના દરબારે આપેલ સનદની ટ્રુ કોપી | ૧૬૭ |
| ૨. | ગામ નમુના નં.૬ ની એન્ટ્રી નં.૫ અસલ | ૧૬૮ |
| ૩. | નોંધ નં.૩૯ અસલ | ૧૬૯ |
| ૪. | નોંધ નં.૪૫ અસલ | ૧૭૦ |
| ૫. | નોંધ નં.૧૬૧ અસલ | ૧૭૧ |
| ૬. | નોંધ નં.૯૨ અસલ | ૧૭૨ |
| ૭ | નોંધ નં.૧૨૬૩ અસલ | ૧૭૩ |
| ૮ | નોંધ નં.૧૩૫૫ અસલ | ૧૭૪ |
| ૯ | નોંધ નં.૧૪૭૩ અસલ | ૧૭૫ |
| ૧૦ | નોંધ નં.૧૪૮૭ અસલ | ૧૭૬ |
| ૧૧ | નોંધ નં.૧૪૯૩ અસલ | ૧૭૭ |

| | | |
|---|---|---|
| ૧૨ | નોંધ નં.૧૬૫૮ અસલ | ૧૭૮ |
| ૧૩ | નોંધ નં.૧૬૯૭ અસલ | ૧૭૯ |
| ૧૪ | નમુના નં.૮–અ ખાતા નં.૫૪ અસલ | ૧૮૦ |
| ૧૫ | ખાતા નં.૭૦ અસલ | ૧૮૧ |
| ૧૬ | નમુના નં.૭–૧૨ અસલ, સર્વે નં.૨૨૨/૨ | ૧૮૨ |
| ૧૭ | નમુના નં.૭–૧૨ અસલ, સર્વે નં.૨૨૨/૪ | ૧૮૩ |
| ૧૮ | નમુના નં.૭–૧૨ અસલ, સર્વે નં.૨૨૨/૫ | ૧૮૪ |
| ૧૯ | ખાતા નં.૭૦ અસલ | ૧૮૫ |
| ૨૦ | નમુના નં.૭–૧૨ અસલ, સર્વે નં.૨૨૨/૨ | ૧૮૬ |
| ૨૧ | નમુના નં.૭–૧૨ અસલ, સર્વે નં.૨૨૨/૪ | ૧૮૭ |
| ૨૨ | નમુના નં.૭–૧૨ અસલ, સર્વે નં.૨૨૨/૫ | ૧૮૮ |
| ૨૩ | નમુના નં.૭–૧૨ અસલ, સર્વે નં.૨૨૧/૩ | ૧૮૯ |
| ૨૪ | નમુના નં.૭–૧૨ અસલ, સર્વે નં.૨૨૨/૨ | ૧૯૦ |
| ૨૫ | નમુના નં.૭–૧૨ અસલ, સર્વે નં.૨૨૨/૪ | ૧૯૧ |
| ૨૬ | નમુના નં.૭–૧૨ અસલ, સર્વે નં.૨૨૨/૫ | ૧૯૨ |
| ૨૭ | નમુના નં.૭–૧૨ અસલ, સર્વે નં.૨૨૧/૩ | ૧૯૩ |
| ૨૮ | ખાતા નં.૧૦૯ અસલ | ૧૯૪ |
| ૨૯ | નમુના નં.૭–૧૨ અસલ,(૯૬–૯૭) સર્વે નં. ૨૨૧/૩ | ૧૯૫ |
| ૩૦ | ખાતા નં.૮૧ અસલ. | ૧૯૬ |
| ૩૧ | નમુના નં.૭–૧૨ અસલ(૯૬–૯૭)સર્વે નં.૨૨૨/૨ | ૧૯૭ |
| ૩૨ | નમુના નં.૭–૧૨ અસલ(૯૬–૯૭)સર્વે નં.૨૨૨/૪ | ૧૯૮ |
| ૩૩ | નમુના નં.૭–૧૨ અસલ(૯૬–૯૭)સર્વે નં.૨૨૨/૫ | ૧૯૯ |
| ૩૪ | નોંધ નં.૧૭૨૨ અસલ | ૨૦૦ |
| ૩૫ | સુવાળા સેવા સ.મં.લી.નાં ટ્રેક્ટર ભાડાની પાવતી અસલ | ૨૦૧ |
| ૩૬ | સુવાળા સેવા સ.મં.લી.નાં ટ્રેક્ટર ભાડાની પાવતી અસલ | ૨૦૨ |
| ૩૭ | બીયારણનું બીલ અસલ | ૨૦૩ |
| ૩૮ | પછેડીનું બીલ અસલ | ૨૦૪ |

| | | |
|---|---|---|
| ૩૯ | વાડ કરવાની મજુરીની પાવતી અસલ | ૨૦૫ |
| ૪૦ | વાવેતર કરવાની મજુરીની પાવતી અસલ | ૨૦૬ |
| ૪૧ | પાક વાઢવાની મજુરીની પાવતી અસલ | ૨૦૭ |
| ૪૨ | પાક વાઢવાની મજુરીની પાવતી અસલ | ૨૦૮ |
| ૪૩ | પાક પીલાવવાની મજુરીની પાવતી અસલ | ૨૦૯ |
| ૪૪ | પાક વાઢવાની રખેવાળીની મજુરીની પાવતી અસલ | ૨૧૦ |
| ૪૫ | દાવાવાળી જમીન ભાડેથી વાવી આપવા બાબતની મજુરીની પાવતી અસલ | ૨૧૧ |
| ૪૬ | ટ્રેકટરના ભાડાની પાવતી અસલ | ૨૧૨ |
| ૪૭ | ટ્રેકટરના ભાડાની પાવતી અસલ | ૨૧૩ |
| ૪૮ | બાજરી વેચાણનું બીલ અસલ | ૨૧૪ |
| ૪૯ | ગવારના પાકના વેચાણની પાવતી અસલ | ૨૧૫ |
| ૫૦ | મગના વેચાણની પાવતી અસલ | ૨૧૬ |
| ૫૧ | બીયારણના બીલ અસલ | ૨૧૭ |
| ૫૨ | તુવેર અને જુવારના બીલ અસલ | ૨૧૮ |
| ૫૩ | ભાડેથી વાવેતર કરવાની મજુરીની પાવતી અસલ | ૨૧૯ |
| ૫૪ | ખેતીની મજુરીના પૈસાની પાવતી અસલ | ૨૨૦ |
| ૫૫ | થોડીયાની વાડ કરવાની મજુરીની પાવતી અસલ | ૨૨૧ |
| ૫૬ | રખેવાડના મહેનતાણાની પાવતી અસલ | ૨૨૨ |
| ૫૭ | દાઢીયાની મજુરી ચુકવી તે પાવતી અસલ | ૨૨૩ |
| ૫૮ | પાક વાઢવાની મજુરીની પાવતી અસલ | ૨૨૪ |
| ૫૯ | પાક વાઢવાની મજુરીની પાવતી અસલ | ૨૨૫ |
| ૬૦ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૨૬ |
| ૬૧ | રખેવાળીની મહેનતાણાની પાવતી અસલ | ૨૨૭ |
| ૬૨ | ખેડાણ કરાવવાની મજુરીની પાવતી અસલ | ૨૨૮ |
| ૬૩ | ખેડાણ કરાવવાની મજુરીની પાવતી અસલ | ૨૨૯ |
| ૬૪ | ખેડાણ કરાવવાની મજુરીની પાવતી અસલ | ૨૩૦ |
| ૬૫ | ખેડાણ કરાવવાની મજુરીની પાવતી અસલ | ૨૩૧ |
| ૬૬ | ખેડાણ કરાવવાની મજુરીની પાવતી અસલ | ૨૩૨ |
| ૬૭ | બીયારણનું બીલ અસલ | ૨૩૩ |

| | | |
|---|---|---|
| ૬૮ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૩૪ |
| ૬૯ | બીચારણની પાવતી અસલ | ૨૩૫ |
| ૭૦ | બીચારણની પાવતી અસલ | ૨૩૬ |
| ૭૧ | બીચારણની પાવતી અસલ | ૨૩૭ |
| ૭૨ | બીચારણનું બીલ અસલ | ૨૩૮ |
| ૭૩ | ખાતરનું બીલ અસલ | ૨૩૯ |
| ૭૪ | ખાતરનું બીલ અસલ | ૨૪૦ |
| ૭૫ | ખાતરનું બીલ અસલ | ૨૪૧ |
| ૭૬ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૪૨ |
| ૭૭ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૪૩ |
| ૭૮ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૪૪ |
| ૭૯ | બીચારણના પૈસાની પહોંચ | ૨૪૫ |
| ૮૦ | પાક વેચાણનું બીલ અસલ | ૨૪૬ |
| ૮૧ | પાક વેચાણનું બીલ અસલ | ૨૪૭ |
| ૮૨ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૪૮ |
| ૮૩ | બાજરી વેચાણનું બીલ અસલ | ૨૪૯ |
| ૮૪ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૫૦ |
| ૮૫ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૫૧ |
| ૮૬ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૫૨ |
| ૮૭ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૫૩ |
| ૮૮ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૫૪ |
| ૮૯ | ખેત મજુરીની પાવતી અસલ | ૨૫૫ |
| ૯૦ | ખાતા નં.૫૪ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૫૬ |
| ૯૧ | ખાતા નં.૧૩૮ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૫૭ |
| ૯૨ | ખાતા નં.૫૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૫૮ |
| ૯૩ | ખાતા નં.૫૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૫૯ |
| ૯૪ | ખાતા નં.૫૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૬૦ |
| ૯૫ | ખાતા નં.૫૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૬૧ |
| ૯૬ | ખાતા નં.૭૦ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૬૨ |
| ૯૭ | ખાતા નં.૫૪ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૬૩ |

| | | |
|---|---|---|
| ૯૮ | ખાતા નં.૫૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૬૪ |
| ૯૯ | ખાતા નં.૫૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૬૫ |
| ૧૦૦ | શિક્ષણ ઉપકરની પહોંચ અસલ | ૨૬૬ |
| ૧૦૧ | શિક્ષણ ઉપકરની પહોંચ અસલ | ૨૬૭ |
| ૧૦૨ | ખાતા નં.૫૪ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૬૮ |
| ૧૦૩ | ખાતા નં.૭૦ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૬૯ |
| ૧૦૪ | ખાતા નં.૫૪ શિક્ષણ ઉપકરની પહોંચ અસલ | ૨૭૦ |
| ૧૦૫ | ખાતા નં.૭૦ શિક્ષણ ઉપકરની પહોંચ અસલ | ૨૭૧ |
| ૧૦૬ | ખાતા નં.૫૪ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૭૨ |
| ૧૦૭ | ખાતા નં.૫૪ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૭૩ |
| ૧૦૮ | ખાતા નં.૫૪ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૭૪ |
| ૧૦૯ | ખાતા નં.૫૪ શિક્ષણ ઉપકરની પહોંચ અસલ | ૨૭૫ |
| ૧૧૦ | ખાતા નં.૭૦ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૭૬ |
| ૧૧૧ | ખાતા નં.૭૦ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૭૭ |
| ૧૧૨ | ખાતા નં.૭૦ શિક્ષણ ઉપકરની પહોંચ અસલ | ૨૭૮ |
| ૧૧૩ | ખાતા નં.૫૪ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૭૯ |
| ૧૧૪ | ખાતા નં.૭૦ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૮૦ |
| ૧૧૫ | ખાતા નં.૫૪ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૮૧ |
| ૧૧૬ | ખાતા નં.૫૪ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૮૨ |
| ૧૧૭ | ખાતા નં.૭૦ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૮૩ |
| ૧૧૮ | ખાતા નં.૫૪ શિક્ષણ ઉપકરની પહોંચ અસલ | ૨૮૪ |
| ૧૧૯ | ખાતા નં.૫૪ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૮૫ |
| ૧૨૦ | ખાતા નં.૫૪ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૮૬ |
| ૧૨૧ | ખાતા નં.૫૪ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૮૭ |
| ૧૨૨ | ખાતા નં.૫૪ શિક્ષણ ઉપકરની પહોંચ અસલ | ૨૮૮ |
| ૧૨૩ | ખાતા નં.૭૦ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૮૯ |
| ૧૨૪ | ખાતા નં.૭૦ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૯૦ |
| ૧૨૫ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૯૧ |
| ૧૨૬ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૯૨ |
| ૧૨૭ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૯૩ |

| | | |
|---|---|---|
| ૧૨૮ | ખાતા નં.૮૧ ની શિક્ષણ ઉપકરની પહોંચ અસલ | ૨૯૪ |
| ૧૨૯ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૯૫ |
| ૧૩૦ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૯૬ |
| ૧૩૧ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૯૭ |
| ૧૩૨ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૯૮ |
| ૧૩૩ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૨૯૯ |
| ૧૩૪ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૦૦ |
| ૧૩૫ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૦૧ |
| ૧૩૬ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૦૨ |
| ૧૩૭ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૦૩ |
| ૧૩૮ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૦૪ |
| ૧૩૯ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૦૫ |
| ૧૪૦ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૦૬ |
| ૧૪૧ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૦૭ |
| ૧૪૨ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૦૮ |
| ૧૪૩ | ખાતા નં.૮૧ ની શિક્ષણ ઉપકરની પહોંચ અસલ | ૩૦૯ |
| ૧૪૪ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૧૦ |
| ૧૪૫ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૧૧ |
| ૧૪૬ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૧૨ |
| ૧૪૭ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૧૩ |
| ૧૪૮ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૧૪ |
| ૧૪૯ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૧૫ |
| ૧૫૦ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૧૬ |
| ૧૫૧ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૧૭ |
| ૧૫૨ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૧૮ |
| ૧૫૩ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૧૯ |
| ૧૫૪ | ખાતા નં.૧૦૯ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૨૦ |
| ૧૫૫ | ખાતા નં.૮૧ ની જમીન મહેસુલની પહોંચ અસલ | ૩૨૧ |
| ૧૫૬ | નામ.ગુજરાતહાઈકોર્ટસ્પે.સી.એ.નં.૪૨૧૭/ ૨૦૦૧માં ફરમાવેલ હુકમની નોટોરાઈઝડ કોપી. | ૩૨૨ |

| | | |
|---|---|---|
| ૧૫૭ | પ્રતિવાદી નં.૪ અને ૫ વિરુધ્ધ દેત્રોજ પોલીસ સ્ટેશને એમ.કેસ.નં.૦૬/૨૦૦૧ ની ફરીયાદ નોંધાવી તે એફ.આઇ.આર.ની ટ્રુ કોપી અસલ. | ૩૨૩ |
| ૧૫૮ | પ્રતિવાદી નં.૪-૫ ને દેત્રોજ પોલીસ સ્ટેશને ઇ.પી.કો.કલમ-૪૬૭,૪૬૮,વિગેરેના ગુન્હામાં એરેસ્ટ ચાદી મોકલી તે ટ્રુ કોપી અસલ. | ૩૨૪ |
| ૧૫૯ | પ્રતિવાદી નં.૪ અને ૫ એ વિરમગામ મેજી.રુબરુ જામીન અરજી આપી તેમાં ફરમાવેલ હુકમ અરજી સહીતની ટ્રુ કોપી અસલ. | ૩૨૫ |
| ૧૬૦ | પ્રતિવાદી નં.૪-૫ નાએ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં ક્રિ.પ.અ.નં.૭૮૦/૦૨ દાખલ કરી તે તથા તેમાં ફરમાવેલ હુકમની પ્રમાણીત નકલ અસલ. | ૩૨૬ |
| ૧૬૧ | પ્રતિવાદી નં.૪-૫ વિરુધ્ધનુ ચાર્જશીટ | ૩૨૭ |

**(૧૫)** આ કામે વાદી તરફે સરતપાસનુ સોગંદનામુ રજુ થયા બાદ વારંવાર તક આપવા છતા પણ પ્રતિવાદી ઉલટતપાસ કરવા સારુ હાજર ન રહેતા મારા પુરોગામી અધિકારીશ્રીએ તા.૧૨/૮/૨૦૧૩ ના રોજ પ્રતિવાદીઓનો ઉલટતપાસ કરવાનો હકક બંધ કરેલ હતો. ત્યારબાદ નામ. ગુજરાત હાઇકોર્ટના સ્ટે વેકેટ થતા સબબ કામ ચાલવા માટે આવતા આ કામે પ્રતિવાદી નં. ૩ અને ૪ નાઓએ અનુક્રમે આંક-૧૬૪ અને ૧૬૫ થી વાદીની ઉલટતપાસ કરવાનો હકક રીઓપન કરવા સારુ અરજી આપતા, તે લગત બંને પક્ષકારોને સાંભળવામા આવેલ છે અને બંને પ્રતિવાદીઓને રૂા. ૫૦૦/-,રૂા.૫૦૦/- (કુલ એક હજાર રૂપિયા) તાલુકા લીગલ સર્વીસ વિરમગામમા જમા કરાવવાની શરતે રીઓપન કરી આપેલ છે.

આ કામે વાદી તરફે રજુ દસ્તાવેજોને આંક આપવા આંક-૧૬૬થી અરજી આપેલ હતી. જેમાં જે તે સમયે અરજી સાંભળવા માટે મુલતવી રાખેલ હતી. ત્યારબાદ આ કામે મારા પુરોગામી

અધીકારીશ્રીએ હુકમ કરી તેને આંક આપેલ છે. તે સીવાય વાદી તરફે વધુ કોઇ પુરાવાઓ રજુ કરેલ નથી અને આંક– ૩૩૨ થી તેઓ તરફે કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૧૬) આ કામે પ્રતીવાદીઓ તરફે નીચે મુજબના લેખીત તથા મૌખીક પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખીક પુરાવાઓઃ–</u>**

| અનુ.નં. | મૌખિક પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદીબાબુભાઇ ગોપાલભાઈનું સરતપાસનુ સોગંદનામુ. | ૩૩૬ |

**<u>દસ્તાવેજી પુરાવોઃ–</u>**

| અનુ. નં. | દસ્તાવેજી પુરાવો | ટે.આંક |
|---|---|---|
| ૧. | જુના સર્વે નં.૨૨૨ હિસ્સા નં.૨ ની જુની ૭/૧૨ની અસલ નકલ. | ૩૪૦ |
| ૨. | જુના સર્વે નં.૨૨૨ હિસ્સા નં.૩ ની જુની ૭/૧૨ની અસલ નકલ. | ૩૪૧ |
| ૩. | જુના સર્વે નં.૨૨૨ હિસ્સા નં.૪ ની જુની ૭/૧૨ની અસલ નકલ. | ૩૪૨ |
| ૪. | જુના સર્વે નં.૨૨૨ હિસ્સા નં.૫ ની જુની ૭/૧૨ની અસલ નકલ. | ૩૪૩ |
| ૫. | નોંધ નં.૫ ની અસલ નકલ. | ૩૪૪ |
| ૬. | નોંધ નં.૩૯ ની અસલ નકલ. | ૩૪૫ |
| ૭ | નોંધ નં.૯૨ ની અસલ નકલ. | ૩૪૬ |
| ૮ | નોંધ નં.૧૬૧ ની અસલ નકલ. | ૩૪૭ |
| ૯ | નોંધ નં.૧૨૬૩ ની અસલ નકલ. | ૩૪૮ |
| ૧૦ | નોંધ નં.૧૪૭૩ ની અસલ નકલ. | ૩૪૯ |

| | | |
|---|---|---|
| ૧૧ | નોંધ નં.૧૪૯૩ ની અસલ નકલ. | ૩૫૦ |
| ૧૨ | નોંધ નં.૧૬૫૭ ની અસલ નકલ. | ૩૫૧ |
| ૧૩ | નોંધ નં.૧૬૫૮ ની અસલ નકલ. | ૩૫૨ |
| ૧૪ | પંચો રુબરુ કરેલ પંચનામાંની અસલ નકલ. | ૩૫૩ |
| ૧૫ | તા.૦૩/૦૭/૧૯૯૦ થી પંચો રૂબરૂ કરેલ પંચનામાની અસલ નકલ. | ૩૫૪ |
| ૧૬ | વિરમગામના મહે.પ્રાંત સાહેબશ્રીના હુકમની અસલ નકલ. | ૩૫૫ |
| ૧૭ | સચિવશ્રીના તા.૨૪/૦૭/૨૦૦૩ના હુકમની અસલ નકલ. | ૩૫૬ |
| ૧૮ | ખાતા નં.૯૯ ની ખેડુત પોથીની અસલ નકલ. | ૩૫૭ |
| ૧૯ | ખાતા નં.૧૨૭ ની ખેડુત પોથીની અસલ નકલ. | ૩૫૮ |
| ૨૦ | કોકીલાબેન જયચંદભાઇ દંતાણીની જુબાનીની અસલ નકલ. | ૩૫૯ |
| ૨૧ | સંપતભાઇ ચતુરભાઇ દંતાણીની જુબાનીની અસલ નકલ. | ૩૬૦ |
| ૨૨ | નોંધ નં.૧૩૫૫ ની અસલ | ૩૬૧ |
| ૨૩ | મોજે સુવાળાના ખાતા નં.૨૨૯ ની ૮–અ ની અસલ. | ૩૬૨ |
| ૨૪ | મોજે સુવાળાના સર્વે નં.૨૫૪ ની ૭–૧૨ની અસલ. | ૩૬૩ |
| ૨૫ | મોજે સુવાળા નોંધ નં.૧૭૨૨ ની અસલ. | ૩૬૪ |
| ૨૬ | મોજે સુવાળાની નોંધ નં.૧૭૭૬ની અસલ. | ૩૬૫ |
| ૨૭ | નામદાર હાઇકોર્ટના હુકમની અસલ | ૩૬૬ |
| ૨૮ | સને ૧૯૬૬ થી સને ૨૦૨૪ સુધી જમીન મહેસુલ વેરા ભરેલ પહોંચોની અસલ નકલ. | ૩૬૭ |
| ૨૯ | ઘઉં માર્કેટમાં વેચ્યા તેના અસલ બીલોની નકલ તેમજ જુવાર અને યુરીયા ખાતરનું અસલ બીલ તેમજ ડીએપીએ અને ઘઉંનું અસલ બીલ. | ૩૬૮ |
| ૩૦ | ખાતા નં.૧૦૯ ની જુની ૮–અની અસલ નકલ. | ૩૬૯ |
| ૩૧ | ૧૩૫ ડી ની નોટીસની નકલ. | ૩૭૦ |

| | | |
|---|---|---|
| ૩૨ | વીલની નકલ | ૩૭૧ |
| ૩૩ | પાસબુકની નકલ | ૩૭૨ |
| ૩૪ | મામલતદારશ્રીના હુકમની નકલ. | ૩૭૩ |
| ૩૫ | ફરીયાદની ખરી નકલ. | ૩૭૭ |

**(૧૭)** આ કામે પ્રતિવાદી નં.૩ તર્ફે આંક–૩૭૬ થી અરજી આપી રજુઆત કરેલ છે કે,આ કામે નિ.૩૭૪/૧ થી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને આંકે આપવા અરજી કરેલ છે. ત્યારબાદ તેના પર હુકમ કરી ની.૩૭૪/૧ ને આંક આપવામાં આવેલ છે.

**(૧૮)** આ કામે આંક–૩૭૫ થી પ્રતીવાદીનં.૪ થી ૪/૭ નાઓએ તેઓ વધુ કોઈ પુરાવા તપાસવામાં માગતા ન હોય ક્લોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. તથા ત્યાર બાદ આ કામે આંક–૩૭૮ થી પ્રતીવાદીનં.૩ નાઓએ વધુ કોઈ પુરાવા તપાસવા ન હોય ક્લોઝીંગ પુરશીસ રજુ કરેલછે.

**(૧૯)** આ કામે વાદી તરફે વિ.વ.શ્રીએ હાલનાં કામે હાજર થઇ પોતાની મૌખિક દલીલો કરેલ છે અને જેમાં મુખ્યત્વે તેઓએ દાવાઅરજીની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. અને મુખ્યત્વે જણાવેલ છે કે, વાદીના પિતાને કટોસણ સ્ટેટ તરફથી તા. ૨૫/૨/૪૭ ના રોજ દાવાવાળી જમીન મળેલી હતી જેની સનદ આ કામે રજુ કરેલ છે અને નોંધ નં. ૪૫ થી તા.૧૮/૧૨/૧૯૫૬ થી વાદીના નામે રેવન્યુ રેકર્ડમા નોંધ પાડવામા આવેલી હતી. ત્યારથી વાદીના પિતા ચતુરભાઇ તે આ જમીનના માલીક બનેલા હતા, પરંતુ ત્યારબાદ તેઓનુ અવશાન થતા પટની રકમ તેઓ ભરી શકેલ ન હતા. વધુમાં તેઓની રજુઆત છે કે આ કામે વાદીના પિતા તે કાયમી ખેડુત અને ગણોતીયા હતા તેમ છતાં પણ તેઓનુ અવશાન થયેલ હોય તેમના વિધવા અને બે બાળકો હયાત હોવા છતાં પણ તેમના ભાઇ જયચંદભાઇ વરવાભાઇએ વારસ ન હોવાનુ જણાવી ખોટી નોંધ પડાવેલ છે. વધુમાં તેઓ નોંધ નં. ૯૨ ટાંકીને જણાવે છે કે આ નોંધમા કોઇ પેઢીનામુ કે

મરણનો દાખલો વિગેરે દસ્તાવેજો રજુ કરવામા આવેલ નથી, માત્ર મૌખિક રજુઆતોને આધારે નોંધ કરેલ છે જેથી તેને માની શકાય તેમ નથી. આમ, પટની રકમ ભરવા માટે જયચંદભાઈ હકદાર ન હોવા છતા પણ જે તે અધીકારીની સાથે સાંઠ ગાંઠ કરી, ખોટી એન્ટ્રીઓ પડાવેલ હોવાની રજુઆત કરેલ છે. વધુમાં નોંધ પ્રમાણિત કરનાર અધીકારીએ ચતુરભાઇના વારસો હોય તે અંગેની તપાસ કરવા હુકમ પણ જે તે સમયે કરેલો છે. વળી ૧૯૯૫ ની સાલમા નોંધ નં. ૧૬૫૭ અને ૧૬૫૮ નોંધો પડેલ હતી જેમાં નોંધ નં. ૧૬૫૮ ની નોંધ રદ કરેલ છે. આ નોંધ વીલ અંગેની હોય રદ કરેલ છે. વધુમાં આ બંને નોંધો ખોટી અને શંકાસ્પદ હોવાની રજુઆત તેઓએ કરેલ છે. વળી આ કામે વીલમાં અંબાબેનના અંગુઠા મળતા આવેલ ન હોવાથી નામ. દેત્રોજ કોર્ટમા ક્રિમીનલ કેસ ચાલુ છે. આમ, વાદીના પિતાને કાયદેસરની સનદ મળેલ હોય આ કામે તેઓ ખરા માલીક ગણી શકાય. વધુમા જયચંદભાઇનુ નામ કેવી રીતે રેકર્ડ ઉપર આવેલ તે અંગેનો કોઇ ખુલાસો થતો ન હોય,પ્રતિવાદીઓનો બચાવ માની શકાય તેમ નથી.આમ, દાવો મંજુર કરી માંગ્યા મુજબની દાદ આપવા અરજ કરેલ છે.

**(૧૯.૧)** ત્યારબાદ આ કામે પ્રતિવાદીનં. ૧ તરફે પોતાની મૌખીક દલીલો કરેલ છે. જેમા તેઓએ રજુઆત કરેલછે કે આ કામે તેઓને પક્ષકાર તરીકે જોડવાની કોઈ જરુરત ન હતી વળી પક્ષકારો વચ્ચેની તકરારો જોતાં તે વાદી અને પ્રતિવાદી નં. ૨ થી ૪ વચ્ચેની તકરાર છે. અને વધુમા સદર કામે ન્યાયના હીતમા યોગ્ય તે હુકમ કરવા વિનંતી કરેલ છે.

**(૧૯.૨)** ત્યારબાદ આ કામે આંક- ૩૮૧થી પ્રતિવાદીનં. ૪ ના વારસદારો તરફે લેખીત દલીલો રજુ કરેલ છે જેમા તેઓએ વાદીએ દાવાઅરજીની હકીકતો ખરી ન હોય રદ કરવા મુખ્યત્વે રજુઆત કરેલ છે તેમજ જણાવેલ છે કે આ દાવાવાળી જમીન તેઓએ ઠાકોર કિર્તીસિંહજી તખતસિંહજીના નામે ચાલતી આવતી હતી ત્યારબાદ છ પટની રકમ દરબારશ્રીને ભરતા સદર જમીન જયચંદભાઇ વરવાભાઇના નામે ચઢેલી જેની

નોંધ નં. ૧૬૧ થી પડેલી અને તેઓ આ જમીનના માલીક બનેલા છે અને તેઓના ગુજરી જવાથી એન્ટ્રી નં.૧૨૬૩ થી તેમના પત્ની અંબાબેન તથા દીકરી કોકીલાબેનના નામે જમીન ચઢેલી છે. વધુમા તેઓ જણાવે છે કે આ કામના વાદીએ તા. ૨૮/૫/૧૯૮૦ ના રોજ તેમના પિતા ૧૦ વર્ષ પહેલા ગુજરી ગયા હોવાની ખોટી રજુઆત કરી ખોટી વારસાઈ કરાવી નોંધ નં. ૧૩૫૫ દાખલ કરાવેલી, જે એન્ટ્રી ખોટી હોય તેને રદ કરવા હુકમ કરેલ હતો. આમ નોંધ નં. ૧૬૫૮ અને ૧૭૭૬ની બંને એન્ટ્રી ખરી હોવાનુ ઠરાવવા વિનંતી કરેલ છે. વધુમાં વાદીઓની ઉલટતપાસ દરમ્યાન વાદીએ કબુલ કરેલ છે કે જયચંદભાઇ વરવાભાઈએ પટની રકમ જમા કરાવેલી છે. વળી વાદીએ ઉલટતપાસમા નોંધ નં. ૧૩૫૫ નામંજુર થયેલ હોવાનુ પણ સ્વીકાર કરેલ છે. આમ વાદીનો દાવો રદ કરવા વિનંતી કરેલ છે. વળી વાદીઓના નામ કલેકટરશ્રી તેમજ ગુજરાત હાઇકોર્ટ તેમજ અગ્રસચિવ મહેસુલ વિગેરેમાં અરજી, રીવીઝન તેમજ અપીલ કરેલી જે નામંજુર થયેલ હોવાનુ જણાવે છે. વધુમાં દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીઓનો હોવાનુ જણાવે છે. વળી આ કામે પ્રતિવાદીની જુબાની પણ તેઓએ ટાંકેલ છે તેમજ તેમની રજુઆત છે કે વાદીના પિતા કયારેય ગણોતીયા ન હતા તેમજ જયચંદભાઇના નામની નોંધ તે કાયદેસરની છે. વધુમાં મુદા નં. ૧ વાદીએ સાબીત ન કરેલ હોવાનુ જણાવે છે તેમજ દાવાવાળી જમીનમા નોંધ નં. ૧૩૫૫ રદ કરવા હુકમ તે ખરો હોવાનુ જણાવે છે તેમજ તેઓએ નામદાર Gopalakrishna(D) by Lrs. ans Others Vs. Narayanagowda (Dead) by Lrs. and Others. Civil Application No. 1332 of 2008, Decided on April 3,2019 નુ જજમેન્ટ રજુ કરેલ છે તેને ધ્યાને લઈ દાવો ખર્ચ સહીત રદ કરવા રજુઆત કરેલ છે.

ત્યારબાદ તેઓએ આંક-૩૮૩ થી વધુ લેખીત દલીલો રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામે કાનુની જોગવાઇઓ ધ્યાને લેતા વાદીએ તેઓની નોંધ સંદર્ભે વાંધા લીધેલ હતા તે નામંજુર થયેલ હતા. તેને વળી ઘણો સમય પસાર થઇ ગયેલ હોય વાદીઓનો દાવો મુદત

બહારનો હોય નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર હાઈકોર્ટ ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિંધ્ધાતો મુજબ દાવો રદ થવાને પાત્ર ઠરે છે. વળી તેઓએ નીચે મુજબના જજમેન્ટ ટાંકેલ છે.

(૧) નારણભાઈ નાથુભાઈ પટેલ વિ. રાજ્ય સરકાર 2013(2 GLH 591)

(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના ગોવિંદ કાના વિ. કાના કીડા 1989(1) (GLR)

(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટ, મગનભાઈ છોટુ વિ. મણીબેન ઉર્ફે કીડીબેન પટેલ 1985 (1) GLR 374

(૪) રાજસ્થાન હાઈકોર્ટના AIR 1997 રાજસ્થાન 230

**(૧૯.૩)** ત્યારબાદ સદરહુ દાવાાઅરજીના પ્રતિવાદીનં. ૩ તરફે તથા મુળ દાવાઅરજીના પ્રતિવાદી નં.૨–એ નાઓએ આ કામે હાજર થઈ દાવાઅરજીનો વિરોધ કરેલ છે અને જણાવેલ છે કે વાદીઓએ અસલ સનદ રજુ કરેલ ન હોય, વળી વાદીઓએ પટની રકમ ભરેલ ન હોય, વાદી તે તકરારી જમીનના માલીક બનેલા હોવાનુ માની શકાય તેમ નથી. વળી વાદીએ પુખ્ત વયાની ઉંમર પ્રાપ્ત કર્યા બાદ ઘણા લાંબા સમય બાદ તેઓએ વારસાઈની નોંધ પડકારેલ છે તેમજ આ નોંધ નં. ૧૩૫૫(૩) નામદાર હાઈકોર્ટ સુધી રદ થયેલ હોય દાવો ટકી શકે તેમ નથી. વધુમાં વાદીએ પુખ્ત વયની ઉંમર પ્રાપ્ત કર્યા બાદ ઘણા લાંબા સમય બાદ હાલનો દાવો કરેલ હોય તે સમય મયાર્દા બહારનો હોય દાવો રદ થવાને પાત્ર ઠરે છે. વધુમા તેઓની રજુઆત છે કે આ કામે વાદીઓએ તેમના પિતાનો મરણનો દાખલો પણ રજુ કરેલ નથી. આમ વાદી પોતાના શીરે રહેલ પુરાવાનો બોજો સાબીત કરી શકેલ ન હોય દાવો ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે આ કામે તેઓએ નામદાર દેત્રોજ કોર્ટ સમક્ષ થયેલ ક્રિમીનલ ફરીયાદ રજુ કરેલ છે જેને ધ્યાને લેતાં પણ પ્રતિવાદી જણાવે છે તે વિરુધ્ધ ખોટુ છે. આમ સદર જમીનના માલીક કોકીલાબેન છે તે ધ્યાનમાં લેવા વિનંતી કરેલ છે. વધુમાં તેઓએ સદર કામે સુપ્રિમ કોર્ટના Prem Singh & Ors Vs.

Birbal & Ors. ,Appeal (Civil) 2412 of 2006 on s May 2006 નો ચુકાદો રજુ કરેલ છે.

**(૨૦)** આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ આંક– ૮૧ થી મારા પુરોગામી અધીકારીશ્રીએ કાઢેલ છે. જે નીચે મુજબ છે.

**મુદ્દાઓ**

૧. શું વાદી સાબીત કરે છે કે તેઓ દાવાવાળી મિલકત ગુજરનાર ચતુરભાઇ વરવાભાઇના વારસો તરીકે માલીકીહક અને કબજાહક ધરાવે છે ?

૨. શું વાદી સાબીત કરે છે કે આ દાવો દાખલ કર્યો ત્યારે અને તે અગાઉ દાવાવાળી મીલકતનો કબજો ધરાવતા હતા ?

૩. શું વાદી સાબીત કરે છે કેપ્રતિવાદી નં. ૨ ને દાવાવાળી મીલકત પરત્વે કોઈ હક ન હતો અને નથી ?

૪. શું વાદી સાબીત કરે છે કે દાવાવાળી મીલકત પરત્વે રેવન્યુ સ.નં. ૨૨૧/૩ વાળી મીલકત ઈરાદાપુર્વક તેમના નામે, સરકારી રેકર્ડે દાખલ થયેલી નથી?

૫. શું વાદી સાબીત કરે છે કે આર.ટી.એસ. અપીલ નં.૨૦/૮૫ માં તા.૩૦/૧૧/૮૫ ના રોજ કરેલ હુકમ ગેરકાયદેસર છે?

૬. શું પ્રતિવાદી નં.૧ સાબીત કરે છે કે તા. ૧/૪/૫૭ ના રોજ દાવાવાળી જમીન જયચંદભાઇ વરવાઇભાઇ ખેડતા હતા?

૭. શું પ્રતિવાદી નં. ૨–અ સાબીત કરે છે કે પ્રતિવાદી નં. ૪, ૫ ગુજરનાર જયચંદભાઇ વરવાભાઇના સહમાલીક અને સહહીસ્સેદાર ન હતા?

૮ શું પ્રતિવાદી નં.૨–અ સાબીત કરે છે કે તા.૪/૨/૮૬ ના રોજ પ્રતિવાદી નં.૪,૫ ની તરફેણમાં તેમના માતૃશ્રીએ કરી આપેલ વીલ ખોટુ અને ઉપજાવી કાઢેલ છે?

૯. શું પ્રતિવાદી નં.૨–અ સાબીત કરે છે કે તા.૨૧/૪/૮૪ ના રજીસ્ટર વીલ આધારે તેમનો કબજા હક પોષાય છે?

૧૦. શું પ્રતિવાદી નં.૪,૫ સાબીત કરે છે કેવાદીઓને સનદની રુએ દાવા મીલકત ઉપર કોઇ હક અધીકાર નથી?

૧૧. શું પ્રતિવાદી નં.૪,૫ સાબીત કરે છે કે તેઓ પ્રતિવાદી નં.ર–૧ ના ગુજરનાર પિતાના સહમાલીક અને સહહીસ્સેદાર હતા?

૧ર. શું વાદી માંગણી પ્રમાણે મનાઇહુકમ મેળવવા હકકદાર છે?

૧૩. વાદી દાદ મેળવવા હક્કાદાર છે?

૧૪. શુ હુકમ અને હુકમનામું ?

**(૨૧)** ઉપરનાં મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) નકારમાં

(૫) નકારમાં

(૬) અંશત:હકારમાં (તા. ૩૧/૭/૧૯૫૭ થી જયચંદભાઇ આ જમીન ખેડતા હોવાનુ જણાય છે.)

(૭) હકારમાં

(૮) હકારમાં

(૯) નકારમાં

(૧૦) હકારમાં

(૧૧) નકારમાં

(૧ર) નકારમાં

(૧૩) નકારમાં

(૧૪)આખરી હુકમ મુજબ

**(૨૨)** ઉપરનાં નિર્ણયો સુધી પહોચવાનાં મારા **કારણો** નીચે મુજબ છે.

આ કામે પડેલા પુરાવાઓ જોઇએ તો, વાદીએ સૌપ્રથમ આંક– ૮૫ થી વાદી એ જાતે હાજર થઇ સોગંદ ઉપર સરતપાસનુ સોગંદનમુ રજુ કરેલ છે. જેમા મહદઅંશે પોતાની દાવાઅરજીનુ પુનરાવર્તન કરેલ છે તેમજ જણાવેલ છે કે વાદીએ આ કામના પ્રતિવાદીઓ સામે આર.ટી.એસ. અપીલ નં. ૨૦/૧૯૮૫ થી દાખલ કરેલ જેમાં નામ. ડેપ્યુટી કલેકટરશ્રીએ તા.૩૦/૧૧/૮૫ ના રોજ વારસાઇ બાબતે નવેસરથી તપાસ કરી નામ દાખલ કરવાનો હુકમ કરેલ છે. તે હુકમ ગેરકાયદેસરનો અને ભુલભરેલો છે તેવુ જાહેર કરવાની દાદ માંગતો તેમજ પ્રતિવાદી નં. ૨ થી ૫ નાઓ દાવાવાળી મિલકતમાં પ્રવેશ કરે કરાવે નહી તે મતલબનો મનાઇહુકમની દાદ માંગતો હાલનો દાવો કરેલો છે જેમાં પ્રતિવાદી નં. ૨ એ કે વાદી નં. ૧ તથા ૨ ના કાકાના દીકરી છે તથા પ્રતિવાદી નં. ૪ અને ૫ તે કાકાના દીકરાઓ છે. વધુમા તેઓની રજુઆત છે કે મોજે સુવાળા ગામ તે કટોસણ સ્ટેટના દરબારનુ ગામ હતુ અને તેના ઠાકોર કીર્તીસિંહજી તખતસિંહજી હતા અને આ દાવાવાળી મિલકત વાદીના પિતાશ્રી ચતુરભાઇ વરવાભાઇને આપવામાં આવેલ હતી અને તેની સનદ તા.૨૫/૧૦/૪૭ ની રજુ કરેલ છે જેને તેઓ ઓળખી બતાવે છે.વધુમા તેઓની રજુઆત છે કે સદર જમીનની નોંધ હકકપત્રકમા તા.૧૧/૨/૧૯૫૪ ના રોજ નોંધવામાં આવેલી અને એ તા.૨૪/૯/૧૯૫૬ ના રોજ પ્રમાણિત પણ થયેલી જે પણ તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓ જણાવે છે કે વાદીના પિતાજીને સામાન્ય ગણોતીયા તરીકેના હકકો એન્ટ્રી નં.૩૯ તા.૧૮/૭/૧૯૫૬ ના રોજ પ્રાપ્ત થયેલા અને આ નોંધ સામે કોઇ વાંધા અરજી આવેલી ન હોય, વાદીના મર્હુમ પિતાજીને કાયમી ગણોતીયા તરીકે ગણેલા અને નોંધ તા.૧૮/૧૨/૧૯૫૬ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલી જે તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ વાદીના પિતાજી તા.૧૩/૫/૧૯૫૬ ના રોજ ગુજરી જતા જે તે સમયે વાદી નં. ૧ ની ઉંમર ૬ વર્ષની અને વાદી નં. ૨ ની ઉંમર ૪ વર્ષની હતી તેમજ વાદીના માતૃશ્રી અભણ હતા અને વિધવા હોય ચતુરભાઇ વરવાભાઇને કોઇ વારસ નથી અને તેમના ભાઇ એકલા વારસ છે તેવી ખોટી રજુઆત કરી, છ પટની રકમ

વાદીના માતૃશ્રી પાસેથી લઇ અને વાદીના કાકાએ ભરેલી અને તે નોંધ નં. ૧૬૧, તા.૩૧/૭/૧૯૫૭ થી પાડવામાં આવેલી અને તે તા.૨૫/૬/૧૯૫૮ ના રોજ કાયમ કરવામાં આવેલી. વધુમાં તેઓની રજુઆત છે કે તેસમયે વાદી નં. ૧, ૨ ની ઉંમર ખુબ નાની હોય સગીર હોવાથી સદર એન્ટ્રી સામે તેઓ કોઇ અપિલ કરી શકેલ નહી.વધુમાં તેઓની રજુઆત છે કે, વાદીના કાકાએ ખોટી રીતે તા.૨૬/૭/૧૯૫૭ ના રોજ નોંધ પડાવેલ છે જેમાં પ્રમાણિત કરનાર અધિકારીએ એવો શેરો કરેલ છે કે ગુજરનાર ચતુરભાઇ વરવાભાઇનુ પેઢીનામુ પંચોની ખાતરી કરવી અને તેમાં બીજા વારસો અંગે તપાસ કરી, દાખલ કરવા તેવો હુકમ તા.૨૫/૧૦/૧૯૫૮ ના રોજ કરેલ છે. ત્યારબાદ નોંધ નં.૧૬૧ પડયા બાદ પણ ચતુરભાઇ વરવાભાઇના વારસમાં વિધવા હોય નવેસરથી એન્ટ્રી પાડવાનો હુકમ તા.૪/૮/૧૯૬૭ ના રોજ કરવામાં આવેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે વાદીની વારસાઇની નોંધ જે તે સમયે થયેલી નહી અને નોંધ નં. ૯૨ને કેટલાક કારણસર પ્રમાણિત કરેલ નહી. આમ પ્રતિવાદી નં. ૨ ના પિતા જયચંદભાઇ વરવાભાઇએ ખોટી રીતે નોંધ નં. ૧૬૧ પડાવેલ છે. ત્યારબાદ તેઓની રજુઆત છે કે, તા.૮/૧/૧૯૭૭ ના રોજ ગુજ. જયચંદભાઇ વરવાભાઇની વારસાઇની નોંધ કરવામાં આવેલ છે. જે તા.૨૮/૫/૧૯૭૭ ના રોજ મંજુર કરેલ છે. ત્યારબાદ જણાવે છે કે વાદીના પિતાની વારસાઇ બાબતે નોંધ નં. ૧૩૫૫, તા.૨૬/૫/૧૯૮૦ ના રોજ પાડવામાં આવેલ જે તા.૪/૭/૧૯૮૦ ના રોજ પ્રમાણિત કરવામા આવેલ જે તેઓ ઓળખી બતાવે છે તેમજ તેઓ જણાવે છે કે નોંધ નં.૧૪૭૩,૧૪૮૭ અને વીલ બાબતની નોંધ નં. ૧૪૯૩ અંગેની તથા દી.મુ.નં.૧૬૯/૮૬ માં આપેલ મનાઇહુકમની કાચી નોંધ છે. વધુમાં તેઓ જણાવે છે કે નોંધ નં.૧૬૫૮ તા.૧૧/૭/૧૯૫૫ ના રોજ પાડવામા આવેલ કે જયચંદભાઇ વરવાભાઇના વિધવાએ ગોપાલભાઇ, આશાભાઇ, બાબુભાઇની તરફેણમાં કહેવાતુ વીલ કરેલ તેની નોંધ છે જેમા વાંધા આવતા તે પ્રમાણિત થયેલી નથી તેમ જણાવે છે તેમજ ખાતા નં. ૫૪ માં સર્વે નં. ૨૨૧/૩ નોંધ નં.૧૩૫૫ માં જે તે સમયે ઇરાદાપૂર્વક લખેલ નથી

તેમ જણાવે છે. વધુમાં તેઓની રજુઆત છે કે ખાતા નં. ૫૪ ની જમીન તેઓની માલીકીની છે અને નોંધ નં.૧૩૫૫ માં સર્વે નં. ૨૨૧/૩ ખાતામા ખોટી રીતે લખેલ છે. હકીકતે અંબાબેન જયચંદભાઇએ જાતે કોઇ ખેડ કરેલ નથી, પરંતુ તેમનું નામ જાતખેડમા લખવામાં આવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, દાવાવાળી મિલકતના ૧૯૮૫-૮૬ ની સાલના ૭/૧૨માં વાદી તથા પ્રતિવાદી નં. ૨ નુ સંયુકત નામ છે તેમજ જુદી જુદી સાલના પાણી પત્રકના ઉતારા તેઓએ રજુ કરેલ છે જે તેઓ ઓળખી બતાવે છે.જેમાં વાદી તથા પ્રતિવાદી નં. ૨ ના સંયુકત ખાતે જમીન આવેલી છે અને તે જાત ખેડ માં ચાલી આવેલ છે. તેમજ નોંધ ૧૭૨૨ થી વાદીઓનુ નામ કબજેદારની કોલમમા લખવામા આવેલ છે અને આશાભાઇ તથા બાબુભાઇનુ નામ બ્રેકેટ કરેલ છે તેમજ વાદીનુ નામ પેન્સીલથી લખવામા આવેલ છે. વધુમાં વાદી આર.ટી.એસ. કેસ નં. ૫/૧૯૯૫ ના હુકમની નકલ ઓળખી બતાવે છે તેમજ તેઓએ દાવાવાળી જમીનમા કરેલ ખેતી અંગે બિયારણ, દાઢીયા, વાવણી, વાડ કરવાનો ખર્ચ તથા બાજરી, જુવાર વિગેરે પાકો તેઓએ વેચેલા તેના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે તથા મહેસુલની પહોચો પણ રજુ કરેલ છે. વધુમાં સાહેદ નોંધ નં.૧૬૫૭ અને ૧૬૫૮ મા થયેલ હુકમને તેઓએ નામ.હાઇકોર્ટમા પડકારેલ જેની કોપી તેઓએ રજુ કરેલ છે તેમજ પ્રતિવાદી નં. ૪ અને ૫ સામે એમ.કેસ નં. ૬/૨૦૦૧ થી થયેલ એફ.આઇ.આર.ની કોપી, આરોપીને એરેસ્ટ કરેલ યાદી, જામીન અરજી, નામ. સેસન્સ જજ સાહેબે કરેલ જામીનનો હુકમ તથા ચાર્જશીટ તેઓએ રજુ કરેલ છે. વધુમાં તેઓએ પ્રતિવાદી નં. ૧ ને સ્ટેચ્યુટરી નોટીસ આપેલી તે ઓળખી બતાવે છે.વધુમાં નામદાર કોર્ટે કાઢેલા મુદા અંગે તેઓ જણાવે છે કે ગુજ. ચતુરભાઇ વરવાભાઇના વારસદાર તરીકે દાવાવાળી જમીનમા તેઓ માલીકી તેમજ કબજા હકક ધરાવે છે અને તે સીવાય બીજા કોઇનો હકક હિસ્સો ન હતો પરંતુ પ્રતિવાદી નં. ૨ ના પિતાજીએ વાદીના માતૃશ્રી પાસેથી પૈસા લઇ ખોટી રીતે પટ ભરેલ છે અને નોંધ નં.૧૬૧ પડાવેલ છે.અને તેઓનો કોઇ હકક પોષાતો નથી તેથી પ્રતિવાદી નં. ૪,૫ નો હકક હિસ્સો પોષાતો નથી. વળી

કલેકટરશ્રી સાહેબે એક જ મીલકતની બે વખત વારસાઇ ન થાય તેમ જણાવેલ છે પરંતુ ખોટી વારસાઇ થઇ હોય તો તે રદ કરી સાચી વારસાઇ કરવાનો હુકમ કરવો જોઇતો હતો તેટલા પુરતુ રેકર્ડ ખોટુ બનાવવામા આવેલ છે. તેમજ નોંધ નં. ૧૩૫૫ મા સર્વે નં. ૨૨૧/૩  ઇરાદાપુર્વક લખેલ નથી તેમજ આર.ટી.એસ. અપીલ ૨૦/૮૫ નો હુકમ કાયદેસરનો નથીજેથી વાદીનો દાવો તે રીતે મંજુર કરી માંગ્યા મુજબની દાદ અપાવવા અરજ કરેલ છે.

આ કામે પ્રતિવાદી નં. ૪ તરફે વિ.વ.શ્રી એમ.કે.સીંધવે હાજર થઇ સદર સાહેદની વિગતવારની ઉલટતપાસ કરેલ છે જેમાં મહદઅંશે તેઓ જણાવે છે કે આ કામે આંક–૧૬૭ થી રજુ કરેલ સનદ એ તા. ૨૫/૨/૧૯૪૭ ની છે. વધુમાં તેઓ જણાવે છે કે આ જમીન તે સમયે દરબાર કીતીસિંહના નામે ન હોવાનો ઇન્કાર કરેલ છે. તેમજ તેઓ પટની રકમ જમા કરાવ્યા બાદ જયચંદભાઇ વરવાભાઇનુ નામ દાખલ થયેલ હોવાનુ સ્વીકાર કરેલ છે. વધુમા આ નામ તેઓએ ખોટી રીતે દાખલ કરેલ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ સદર સાહેદ કબુલ કરે છે કે જયચંદભાઇ ગુજરી જતા તેમના વારસ તરીકે કોકીલાબેન તથા અંબાબેનના નામ દાખલ થયેલા. તેમજ સાહેદે નોંધ નં.૧૩૫૫ થી ખોટી રીતે નામ દાખલ કરેલ હોવાનો ઇન્કાર કરેલ છે. તેમજ તેઓ કબુલ કરે છે કે અપીલમા તેઓની નોંધ નામંજુર થયેલી અને તેમા સાચા નામની નોંધ કરવાનો હુકમ થયેલો.વધુમાં અંબાબેનની સેવાચાકરી ગોપાલભાઇ કરતા હોય અંબાબેન તેઓને વીલ કરી આપેલ હોવાનો ઇન્કાર કરેલ છે. તેમજ તા.૧૫/૯/૯૫ ના રોજ નોંધ નં. ૧૬૫૭ તથા ૧૬૫૮ થી આશાભાઇ, બાબુભાઇ, ગોપાલભાઇ વિગેરેના નામ દાખલ થયેલ હોવાનુ ઇન્કાર કરેલ છે. વધુમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે આ નોંધ સામે તેઓ પ્રાંત કચેરી, કલેકટર સાહેબ, તથા નામદાર હાઇકોર્ટમા ગયેલા જેમા આ નોંધો પ્રમાણિત થયેલ છે અને નામદાર અગ્ર સચિવ સમક્ષ ફેરવિચારણા અરજી કરેલી જે પણ નામંજુર થયેલી છે.તેમજ દેત્રોજ કોર્ટમા છેતરપીંડીનો ખોટો કેસ કરેલ હોવાનુ ઇનકાર કરેલ છે. વધુમાં રે.દી.મુ.નં. ૧૬૧/૦૩ મા

સ્ટેટસ કવો નો હુકમ થયેલ હોવાનુ સ્વીકારેલ છે. તેમજ દેત્રોજ કોર્ટની જુબાનીમાં તેઓએ દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીનો હોવાનુ સ્વીકારેલ હોવાનુ ઈન્કાર કરેલ છે તેમજ કોકીલાબેને પણ પ્રતિવાદીઓનો કબજો હોવાનો સ્વીકારેલ હોવાની હકીકત તેઓને ખબર ન હોવાનુ જણાવે છે.તેમજ રેવન્યુ રેકર્ડમા તેઓનુ નામ છેલ્લા ૫૦ વર્ષથી ન હોવાનુ ઈન્કાર કરેલ છે. તેમજ તેઓએ ખોટી સનદ અને ખોટુ વીલ બનાવેલ હોય ખોટો કેસ કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ આ કામે પ્રતિવાદી નં. ૩ તરફે વિ.વ.શ્રી વી.પી.મકવાણાએ સદર સાહેદની ઉલટતપાસ કરેલ છે જેમા મુખ્યત્વે તેઓ એ કબુલ કરેલ છે કે આ કામે તેઓએ જયચંદભાઈ કે અંબાબેન સામે જમીન પડાવવા અંગેની કોઈ ફરીયાદ કરેલ નથી. તેમજ તેઓના પિતા ચતુરભાઈ ગુજરી ગયેલ હોય તેમના મરણનો દાખલો આ કામે રજુ કરેલ ન હોવાનુ સ્વીકારેલ છે. તેમજ જયચંદભાઈ તેમજ તેમના પત્ની અંબાબેને આ જમીન ૨૩ વર્ષ સુધી વાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને આ સમયગાળા દરમ્યાન કોઈ દાવો કે ફરીયાદ કરેલ ન હોવાનો પણ ઈન્કાર કરેલ છે. વધુમાં એ હકીકત સ્વીકારેલ છે કે નોંધ નં. ૧૩૫૫ તા.૨૬/૫/૮૦ ના રોજ પડેલી તે પહેલાં તેઓએ કોઈ કાર્યવાહી કરેલી નથી તેમજ સાહેદે એ હકીકતનો પણ સ્વીકારેલ છે કે ૧૯૮૦ પહેલા જયચંદભાઈનુ નામ દાખલ કરવા સામે કોઈ અપીલ કે રીવીઝન તેઓએ કરેલ નથી.તેમજ દેત્રોજ કોર્ટમા તેઓએ ગોપાલભાઈ તથા આશાભાઈ સામે ફરીયાદ કરેલી જે હાલમાં ચાલુ છે. વધુમાં તેઓ જણાવે છે કે એફ.એસ.એલ. અધીકારીએ આ વીલ ખોટુ હોવાનો જે તે કોર્ટમા રીપોર્ટ કરેલો છે. તેમજ તેઓ જણાવે છે કે ગોપાલભાઈએ અંબાબેનનુ ખોટુ વીલ કરેલુ છે. તેમજ તેઓ જણાવે છે કે તેઓએ આ જમીન કોકીલાબેનની હોવાની અને ગોપાલભાઈ તથા આશાભાઈએ ખોટુ વીલ બનાવી નોંધ પડાવેલ હોવાની જુબાની દેત્રોજ કોર્ટ સમક્ષ આપેલી છે. તેમજ તેઓએ છાણીયા ખાતરનુ બીલ રજુ કરેલ ન હોવાનો સ્વીકાર કરેલ છે. વધુમાં

જયચંદભાઇ તથા અંબાબેનના એકમાત્ર વારસદાર કોકીલાબેન હયાત હોવનુ જણાવે છે અને તે હકીકત કબુલ કરે છે કે નોંધ નં. ૧૩૫૫ પડી તે પહેલા દાવાવાળી જમીનમાં અંબાબેન અને કોકીલાબેનનુ નામ ચાલતુ હતુ તેમજ જયચંદભાઇના ગુજરી ગયા બાદ અંબાબેન જમીન વાવી શકતા ન હોય, તેઓ આ જમીન વાવતા હોવાનો ઈન્કાર કરેલ છે. તેમજ હાલમા જમીનના ભાવો ખુબ જ વધી ગયેલ હોય, ખોટો દાવો કરેલ હોવાનો ઈનકાર કરેલ છે.

ત્યારબાદ આ કામે પ્રતિવાદી નં. ૧ તરફે વિ.એડી. ડી.જી.પી.શ્રી એચ.આર. સોલંકીએ ઉલટતપાસ કરેલ છે જેમા તેઓએ અગાઉની કરેલી ઉલટતપાસને એડોપ્ટ કરેલ છે. તેમજ વધુ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે આ કામે વાદીઓ તથા પ્રતિવાદીઓ કુટુંબીઓ થાય છે અને દાવાના કામે મુખ્ય તકરાર પ્રતિવાદી નં. ૨ થી ૫ સાથે છે અને પ્રતિવાદી નં. ૧ સાથે નથી. વધુમાં આર.ટી.એસ.અપીલ નં. ૨૦/૮૫ નો હુકમ આ કામે રજુ કરેલ નથી. વધુમાં તેઓએ નામદાર કલેકટરશ્રી સાહેબને તા. ૧૬/૮/૦૩ ના રોજ ફેરવિચારણાની અરજી કરેલી જેમાં અગાઉ થયેલા હુકમમા હસ્તક્ષેપ કરવાપાત્ર નથી તેવો હુકમ થયેલ હોવાનુ જણાવેલ છે તેમજ સાહેદે કલેકટરના હુકમો છુપાવી સાચી હકીકત છુપાવી દાવો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ વાદી તરફે વધુ કોઇ પુરાવા રજુ કરેલ નથી અને આંક ૩૩૨ થી તેઓએ કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ તરફે કોઇ પુરાવા રજુ કરવામાં આવેલ નથી અને આંક–૩૩૫(એ) થી તેઓએ પણ કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**(૨૩)** ત્યારબાદ આ કામે પ્રતિવાદી નં. ૪/૩ નાઓએ આંક−૩૩૬ થી બાબુભાઇ ગોપાલભાઈની સોગંદ પરથી સરતપાસ રજુ કરેલ છે. જેમાં મહદઅંશે તેઓએ જવાબની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે કે વાદીનો દાવો ખોટો હોયતેઓને દાવો કરવાનો કોઇ હક અધિકાર ન હોય તેમજ હકીકતો છુપાવીને કરવામા આવેલ હોય તે રદ કરવો જોઇએ. તેમજ તા.૨૫/૨/૧૯૪૭ ના રોજની સનદ થઈ ન હોવાનુ જણાવે છે તેમજ દાવાઅરજીના પેરા−૪ થી ૧૦ ખોટા હોય ઉપજાવી કાઢેલ હોય વિરોધાભાષી હકીકતો હોય દાવાઅરજી રદ કરવા વિનંતી કરેલ છે. તેમજ તેઓ ખરી હકીકતે જણાવે છે કે દાવાવાળી સરકારી જમીન તાલુકેદાર ઠાકોર શ્રી કીર્તીસિંહજી તખતસિંહજીના નામે ચાલતી હતી ત્યારબાદ જયચંદભાઇ વરવાભાઈએ ૬ પટની રકમ ભરતા તેઓ આ જમીનના માલીક તેમજ કબજેદાર બન્યા હતા જેની એન્ટ્રી ૧૬૧ તા. ૩૧/૭/૫૭ ના રોજ પાડવામા આવેલી હતી. વધુમા તેઓની રજુઆત છે કે વાદીના પિતા ચતુરભાઇ વરવાભાઇ આ અગાઉ તા.૧૩/૫/૫૬ ના રોજ ગુજરી ગયેલ હતા.આમ, જયચંદભાઇ વરવાભાઇ ૬ પટની રકમ ભરી સદર જમીનના માલીક બનેલા અને તેઓના ગુજરી ગયા બાદ તા.૮/૧/૧૯૭૭ ની નોંધ નં. ૧૨૬૩ થી અંબાબેન તથા કોકીલાબેન વારસદાર તરીકે દાખલ થયેલા અને ત્યારબાદ તા ૨૬/૫/૮૦ ના રોજ વાદીએ તેઓના પિતા દસેક વર્ષ પહેલા ગુજરી ગયેલ હોવાની ખોટી રજુઆત કરી નોંધ નં. ૧૩૫૫ દાખલ કરાવેલી. જે નોંધ ખોટી હોય રદ કરવા હુકમ થયેલ અને છેવટે પ્રતિવાદી ના પિતા ગોપાલભાઇ વરવાભાઇના વારસોના નામ રેકર્ડ પર આવેલ છે. વધુમા તેઓની રજુઆત છે કે આ કામના પ્રતિવાદી શરુઆતથી સદર જમીનના માલીક અને કબજેદાર છે અને વાદીએ કોર્ટને ગેરમાર્ગે દોરી હાલની ખોટી અરજી કરેલ છે. વધુમાં તેઓ દસ્તાવેજી પુરાવાઓને ઓળખી બતાવે છે.

સદર સાહેદની ઉલટતપાસ વાદી તરફે વિ.વ.શ્રી જી.જી.વૈદ્ય નાઓએ કરેલ છે જેમાં તેઓએ કબુલ કરેલ છે કે જયચંદભાઇ વરવાભાઇ ૬

પટની રકમ રૂા. ૬૦ અને ૬ આના દરબારને ભરી આ મિલકતના માલીક બનેલા. અને નોંધ નં.૧૬૧ તે અંગેની પડેલી જે આંક–૩૪૭ થી આ કામે રજુ છે. જે તા.૩૧/૧/૫૭ ની છે અને તેમના જન્મ અગાઉની છે. તેમજ આ નોંધ જોઇ તેઓ જણાવે છે કે તેમા કાયમી ગણોતીયા તરીકે વેચાણ પેટે આ રકમ ભરેલ હોવાનુ લખેલ નથી. વધુમાં જયચંદભાઇનુ નામ કાયમી કે સામાન્ય ગણોતીયા તરીકે રેકર્ડમા ન હોવાનુ ઇનકાર કરેલ છે. તેમજ જયચંદભાઇએ પટ ભર્યા અંગેનો પુરાવો હાલમા તેઓ પાસે ન હોવાનુ સ્વીકારેલ છે. તેમજ તેઓ ગોપાલભાઇના દીકરા અને વારસદાર હોવાનુ જણાવે છે તેમજ ચતુરભાઇ, જયચંદભાઇ અને ગોપાલભાઇનુ અવશાન થયેલ હોવાનુ જણાવે છે. તેમજ દાવાવાળી મિલકત અંગે બીજો દાવો ૧૬૧/૨૦૧૪ થી કરેલો છે જે હાલમા પેન્ડીંગ છે. તેમજ તેઓએ તેમના દાદાનુ પેઢીનામુ રજુ કરેલ ન હોવાનુ જણાવે છે. વધુમાં વાદીના પિતા ચતુરભાઇ ગુજરી ગયેલા ત્યારે વાદી સંપતભાઇની ઉંમર ૭ વર્ષ અને તેમના ભાઇ જામાભાઇની ઉંમર ૬ માસની હતી તેમજ વાદીની માતા મંગુબેન અભણ હોવાની હકીકતની તેઓને ખબર ન હોવાનુ જણાવે છે. તેમજ ચતુરભાઇના પત્ની મંગુબેન વિધવા હોય, બાળકો નાના હોય તે પરીસ્થીતીનો ગેરલાભ જયચંદભાઇએ ઉઠાવેલ હોવાનો ઇન્કાર કરેલ છે. તેમજ રજુ કરેલ દસ્તાવેજો જોઇને સાહેદ કબુલ કરે છે કે ચતુરભાઇનુ નામ સામાન્ય ગણોતીયા તરીકે કઢાવવામા આવેલ હતુ અને તેમાંથી કાયમી ગણોતીયા તરીકેની નોંધ પણ પડેલી હતી, પરંતુ સ્વેચ્છાએ જણાવેલ છે કે આ તમામ નોંધો ખોટી છે. વધુમાં તેઓને પ્રશ્ન પુછવામા આવેલ છે કે સામાન્ય રીતે કાયમી ગણોતીયાએ પટની રકમ ભરવાની હોય છે તે અંગે તેઓ જણાવે છે કે પટની રકમ જયચંદભાઇએ ભરેલ હોય તેઓ માલીક બનેલા છે. વધુમાં નોંધ નં. ૯૨ જોઇ તેઓ જણાવે છે કે તેમાં ચતુરભાઇના ગુજરી જવાથી વારસ તરીકે જયચંદભાઇ હોવાની ગામ લોકોના જવાબ લઇને નોંધ પાડવામા આવેલ હોવાનુ જણાવે છે. તેમજ નોંધ નં. ૯૨ પડી તે સમયે ચતુરભાઇના વારસ તરીકે તેમના પત્ની મંગુબેન અને સગીર સંપતભાઇ અને જામાભાઇ હયાત હોવાની તેઓને ખબર

ન હોવાનુ જણાવે છે. અને તેઓ ચતુરભાઇના વારસો હોવા છતા ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ સદર નોંધ નં. ૯૨ આંક–૩૪૬ જોઇ તેઓને પ્રશ્ન પુછવામા આવેલ છે કે આ દસ્તાવેજ જોતા જયચંદભાઇએ ચતુરભાઇના વારસ તરીકે દાખલ થવા માટે કોઇ અરજી આપેલ હોય કે કોઇ સોગંદનામુ, પેઢીનામુ કે મરણનો દાખલો રજુ કરેલ હોય તેવી કોઇપણ વિગત તેમા દર્શાવવામા આવેલ નથી તે અંગેના સવાલમાં સાહેદને આ બાબત ખબર ન હોવાનુ જણાવેલ છે. તેમજ સાહેદ તલાટી સાથે સાંઠગાંઠ કરી ખોટી એન્ટ્રી પડાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેમજ સાહેદ જણાવે છે કે આ નોંધમા ચતુરભાઇના પેઢીનામુ પંચોની ખાત્રી કરવુ અને કાયમી ગણોતીયા હકકને બીજા નંબરો પણ દાખલ કરવા અંગેની કોઇ નોંધ કરેલ હોય તેની તેઓને ખબર ન હોવાનુ જણાવે છે. તેમજ જયચંદભાઇનુ નામ દાખલ ગણી ન શકાય તે હકીકતનો ઈન્કાર કરેલ છે. તેમજ જયચંદભાઇએ તલાટીસાથે મળી જઇ પટની રકમ ભરી ખોટી નોંધ પડાવેલાનો ઈન્કાર કરેલ છે. તેમજ આંક–૩૪૬ જોઇને તેઓ કહે છે કે તેમાં '' નોંધ નં.૧૬૧ થી જયચંદભાઇ માલીક થઇ ગયેલ છે, ચતુરભાઇને વારસામા વિધવા વિગેરે હોવાથી તપાસ કરી નવેસરથી એન્ટ્રી પાડવી '' એવી નોંધ કરેલી છે. તેમજ આ નોંધો અંગે કોઇ પેઢીનામુ કે મરણનો દાખલો રજુ કરેલ ન હોવાની તેઓને ખબર ન હોવાનુ જણાવે છે તેમજ જયચંદભાઇ આ મિલકતના માલીક ન હોવાનો ઈન્કાર કરેલ છે તેમજ જયચંદભાઇના વારસાઇની નોંધ પણ ગેરકાયદેસર હોવાની હકીકતનો પણ ઈન્કાર કરેલ છે. તેમજ નોંધ નં.૧૩૫૫ વાદીઓની વારસાઇ અંગેની હોવાનુ જણાવે છે. વધુમાં આ નોંધ સામે આર.ટી.એસ. અપીલ નં. ૨૦/૮૫ અંબાબેને કરેલી, જે મંજુર થયેલી. વધુમાં તેઓ કબુલ કરે છે કે આ અપીલમા એવો હુકમ થયેલ છે કે '' બંને તરફના પક્ષકારોને સાંભળી પુરાવાની તપાસ કરી ખાત્રી કર્યા બાદ રેવન્યુ રેકર્ડમા ખરા વારસદાર બનતા હોય તેમનુ નામ પ્રશ્નવાળી જમીનમાં વારસાઇથી દાખલ કરવા મામલતદારશ્રીને હુકમ કરવામા આવે છે.'' તેમજ નોંધ નં.૧૪૭૪ માં જયચંદભાઇ સાથે ગોપાલભાઇનુ નામ દાખલ થયેલુ જે

નામ અંબાબેન તથા કોકીલાબેનના લેખિત જવાબથી દાખલ કરેલુ. તેમજ નોંધ નં.૧૬૫૭ અને ૧૬૫૮ ખોટી પડેલ હોવાનો ઈન્કાર કરેલ છે.તેમજ નામદાર કલેકટર સાહેબે એલ.બી. રીવીઝન અરજી નં. ૭૫/૭૬ ના કામે નોંધ નં. ૧૬૫૭ માન્ય રાખેલ છે અને ૧૬૫૮ રદ કરેલ હોવાનુ કબુલ કરેલ છે. પરંતુ તેઓ સ્વેચ્છાએ આ હુકમ ખોટો હોવાનુ જણાવે છે. તેમજ ૧૬૫૮ ની નોંધ વીલના આધારે કરેલ હતી તે નોંધ રદ કરેલ હોવાનુ જણાવે છે અને આ હુકમ સામે તેઓએ અગ્રસચિવમા અપીલ કરેલી જેમાં કલેકટરશ્રીનો હુકમ યથાવત રાખેલ છે તેમ કબુલ કરે છે.  વધુમાં આ વીલ સીવાય એક અન્ય વીલ છાપરા અંગેનુ પણ હતુ તેમ જણાવે છે. તેમજ આ બંને વીલો નામ. દેત્રોજ કોર્ટમાં ચાલતા ક્રિમીનલ કેસ નં. ૩૦૦/૧૮ ના કામે રજુ છે. અને અંબાબેને ગોપાલભાઇ, આશાભાઇ તથા બાબુભાઇની તરફેણમા કરેલ વીલમાં અંગુઠાના નીશાન અલગ પડતા હોવાનુ કબુલ કરે છે. તેમજ આ બંને વીલો બાબતે સીવીલ અને મહેસુલી કાર્યવાહીઓ કોકીલાબેને કરેલ હોવાનુ જણાવે છે. વધુમાં તેઓ કબુલ કરે છે કે આ બંને વીલોમાંથી કોઈપણ વીલ સાચુ ઠરેલુ નથી તેમજ તેઓએ વીલનો પ્રોબેટ પણ લીધેલો નથી. તેમજ આ કામે ખોટી નોંધો પડાવી ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરેલ છે.

ત્યારબાદ આ કામે પ્રતિવાદી નં. ૩ પણ સદર સાહેદની ઉલટતપાસ કરવા માંગતા હોય, તેઓને પરવાનગી આપવામા આવેલ છે ત્યારબાદ તેઓએ પણ સદર સાહેદની ઉલટતપાસ કરેલ છે જેમા મુખ્યત્વે તેઓએ કબુલ કરેલ છે કે દાવાવાળી જમીનના પટની રકમ ભરી જયચંદભાઇનુ નામ રેવન્યુ રેકર્ડમા ચઢેલુ અને તેઓને કબજે ત્યારથી જમીન આવેલી.વધુમાં ૧૯૯૫ સુધી તેઓનુ નામ રેકર્ડમા ચાલતુ હોવાનુ જણાવે છે. વધુમાં દેત્રોજ પોલીસ સ્ટેશનમા આપેલ ફરીયાદની નકલ તેઓ ઓળખી બતાવે છે તેમજ દેત્રોજ કોર્ટમા વાદીએ પ્રતિવાદી નં. ૩ ની તરફેણમા જુબાની આપેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેમજ નોંધ નં. ૧૩૫૫ નામ. હાઇકોર્ટ સુધી રદ થયેલ હોવાનુ કબુલ કરે છે. તેમજ વાદીએ પુખ્ત વયના બન્યા બાદ કોઇ

દાવો કે અરજી કરેલ ન હોવાનુ અને જયચંદભાઇના નામે જમીન થયાના ૩૦ વર્ષ બાદ દાવો કરેલ હોવાનુ કબુલ કરે છે.

ત્યારબાદ પ્રતિવાદી નં. ૪ તરફે આંક–૩૭૫ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

ત્યારબાદ પ્રતિવાદી નં. ૩ થી કોઇ પુરાવા રજુ કરેલ નથી અને આંક–૩૭૮ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

તે મતલબનાં પુરાવાઓ રજુ થયેલ છે.

**(૨૪) મુદ્દા નં. ૧ થી ૩ :–**

આ કામે કાઢવામાં આવેલ તમામ મુદ્દાઓ હકીકતની દ્રષ્ટીએ એકબીજા સાથે સંકળાયેલ છે. હવે આ કામે મુદ્દાનં. ૧,૨,૫ અને ૧૦ અંગે ચર્ચા કરીએ તો, જે નીચે મુજબ છે.

**૧. શું વાદી સાબીત કરે છે કે તેઓ દાવાવાળી મિલકત ગુજરનાર ચતુરભાઇ વરવાભાઇના વારસો તરીકે માલીકીહક અને કબજાહક ધરાવે છે ?**

**૨. શું વાદી સાબીત કરે છે કે આ દાવો દાખલ કર્યો ત્યારે અને તે અગાઉ દાવાવાળી મીલકતનો કબજો ધરાવતા હતા ?**

**૫. શું વાદી સાબીત કરે છે કે આર.ટી.એસ. અપીલ નં.૨૦/૮૫ માં તા.૩૦/૧૧/૮૫ ના રોજ કરેલ હુકમ ગેરકાયદેસર છે?**

**૧૦. શું પ્રતિવાદી નં.૪,૫ સાબીત કરે છે કેવાદીઓને સનદની રુએ દાવા મીલકત ઉપર કોઇ હક અધીકાર નથી?**

આ કામે કાઢવામાં આવેલ તમામ મુદ્દાઓ હકીકતની દ્રષ્ટીએ એકબીજા સાથે હો આ કામે મુદ્દાનં. ૧,૨,૫ અને ૧૦ અંગે ચર્ચા કરીએ તો, હાલના કામે વાદીએ પોતાનો દાવો સાબીત કરવાનો છે. વળી ઉપર જણાવેલા મુદા નં. ૧,૨ અને ૫ ની સાબીતીનો બોજો વાદીઓના શીરે અને મુદા નં. ૧૦ ની સાબીતીનો બોજો પ્રતિવાદી નં. ૪ અને ૫ ના શીરે રહેલો છે. જે અંગે ચર્ચા કરીએ તો આ કામે વાદી તરફે રજુઆત છે કે, વાદીના પિતાજી ચતુરભાઇ વરવાભાઇને દાવાવાળી મિલકત તા.૨૫/૨/૧૯૪૭ ના રોજ સનદ આપતા તેઓ જમીનના માલીક બનેલા હતા. વધુમાં આ કામે દાવાઅરજી ધ્યાનમાં લેતાં વાદીના પિતાજી સનદ આધારે સદર જમીનના સ્વતંત્ર માલીક અને કબજેદાર બનેલા. તેમજ આગળ તેઓ દાવાઅરજીના પેરા-૫ માં જણાવે છે કે વાદીના પિતાને કોઇ વારસદારો ન હોવાની ખોટી રજુઆત કરી જયચંદભાઇ વરવાભાઇએ નોંધ નં. ૯૨ તા.૨૬/૪/૧૯૫૭ ના રોજ પડાવેલી જે નોંધ તદન ખોટી છે. વધુમાં સદર નોંધમાં ચતુર વરવાનુ પેઢીનામુ પંચોની ખાત્રીસહ કરવુ તેમ શેરો પણ કરવામાં આવેલ હોય આ નોંધ ખોટી હોય ત્યારબાદ ઉતરોતર પડેલ નોંધો રદ કરવા રજુઆત છે. જે અંગે ચર્ચા કરીએ તો આ કામે સદર સનદ આંક-૧૬૭ થી રજુ કરવામાં આવેલ છે. હવે, આ દસ્તાવેજને આંક પાડવાની અરજી આંક-૧૬૬ થી આપતા , બંને પક્ષકારોને સાંભળીને નામ. સુપ્રિમ કોર્ટના જજમેન્ટ **Bipin Shantilal Panchal V/s State Of Gujarat,** 2001 **AIR (SC)** 1158 ના જજમેન્ટમાં પ્રસ્થાપિત થયેલ સિંધ્ધાતો મુજબ સામાપક્ષના વાંધા રેકર્ડ ઉપર રાખી સદર દસ્તાવેજને ટેન્ટેટીવ આંક આપવામાં આવેલ છે. આમ તે રીતે સનદને પણ ટેન્ટેટીવ આંક ૧૬૭ આપવામાં આવેલો છે. આમ, આ દસ્તાવેજ સાબિત કરવાની જવાબદારી વાદીની રહેલી છે. પરંતુ વાદીએ આ સનદના સમર્થનમાં કોઇ ઓથોરીટી કે સનદ ઇસ્યુ કરનાર ઓથોરીટીને પણ તપાસવામાં આવેલ નથી. આ સંજોગોમાં આ દસ્તાવેજ શંકાથી પર સાબિત થઇ શકતો નથી. વધુમાં આ કામે વાદીની એક રજુઆત એવી છે કે તેઓ સનદના આધારે તા.૨૫/૨/૧૯૪૭ ના રોજ માલીક બનેલા છે. ત્યારબાદ બીજી રજુઆત

તેઓ તરફ થયેલ છે કે વાદી સદર જમીનનાં કાયમી ગણોતીયા હતા અને તે અંગેની નોંધ પણ તેઓએ આ કામે રજુ કરેલ છે. આમ, એક તરફ તેઓ માલીકી હકકે આ જમીન ધરાવતા હોવાની રજુઆત છે. જયારે બીજી તરફ તેઓ ગણોત હકકે આ જમીન ધરાવતા હોવાની રજુઆત છે. આમ વાદીની આ રજુઆતો પરસ્પર વિરોધાભાષી છે. આમ, તે રીતે વાદી સદર જમીનના માલીક અને કબજેદાર હોવાનુ જણાતુ નથી. વધુમાં આ બાબતે આગળ ચર્ચા કરીએ તો આ કામે વાદીએ તેઓના પિતાજી ગુજરી જતા વારસાઇ હકકે તેઓ સદર જમીનના માલીક અને કબજેદાર બનેલા હોવાની નોંધ નં. ૧૩૫૫ થી દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ આ કામે આંક–૧૭૪ થી રજુ છે. જે ધ્યાનમાં લેતાં તેમાં જણાવેલ છે કે **'' મજકુર ગામના ખેડુત ખાતેદાર ચતુરભાઇ વરવાભાઇ આશરે દસેક વર્ષ ઉપર ગુજરી જવાથી વારસદારો તથા ગામના આગેવાનોના જવાબના આધારે વારસા હકક મુજબ વારસદારોના નામ દાખલ કરવા નોંધ કરી.''** અને આ નોંધ તા.૨૬/૫/૧૯૮૦ ના રોજ પાડવામાં આવેલ છે. હવે, આ કામે આંક–૮૫ થી વાદી નં. ૧ સંપતભાઇ ચતુરભાઇએ હાજર થઇ જુબાની આપેલ છે. જેમા તેઓ પેરા–૭મા જણાવે છે કે '' **અમો વાદી નં. ૧ જણાવીએ છીએ કે વાદીના પિતા કાયમી ગણોતીયા ઠરેલ હતા તેઓ તા.૧૩/૫/૧૯૫૬ મા ગુજરી જતા તે વખતે અમો વાદી નં. ૧,૨ અનુક્રમે ૬ વરસ અને ૪ વરસની ઉંમરના હતા.**'' આમ આ જુબાની ધ્યાનમાં લેતાં વાદી નં. ૧, ૨ ના પિતા ચતુરભાઇ સને ૧૯૫૬ ની સાલમાં ગુજરી ગયેલ હોવાનુ સોગંદ ઉપર રજુઆત છે. જયારે ઉપરોકત નોંધમાં તેઓએ તેમના પિતા દસેક વર્ષ પહેલા એટલે કે આશરે ૧૯૭૦ ની સાલમા ગુજરી ગયાની રજુઆત જે તે ઓથોરીટી સમક્ષ કરેલ છે. આમ તે રીતે અને તેથી આ નોંધ ખોટી રજુઆતના આધારે પાડેલ હોવાનુ સાબિત થાય છે. વધુમાં આ કામે આ નોંધની સામે પ્રતિવાદી નં. ૩ ના માતા અંબાબેન આર.ટી.એસ. અપીલ નં. ૨૦/૮૫ થી ડે.કલેકટરશ્રી વિરમગામને અપીલ કરતા તેમાં તેઓએ તા.૩૦/૧૧/૧૯૮૫ ના રોજ હુકમ કરી વાંધા ગ્રાહય રાખી નોંધ નં.૧૩૫૫ ને રદ ઠરાવેલ છે. હવે, સદર હુકમની વિગતો ધ્યાનમાં

લઈએ તો તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે "**તા.૨૫/૦૨/૧૯૪૭ ની સનદની ઝેરોક્ષ નકલ મુજબ મોજે સુવાળા, તા. વિરમગામના સ.નં. ૨૨૨ તથા ૨૨૧ વાળી જમીનો ઠાકોરશ્રી કટોસણ સ્ટેટ એ હાલના પ્રતિવિવાદીઓના પિતાશ્રી ચતુરભાઇ વરવાભાઈનાઓને માલીકીના અઘાટ હકકથી આપેલ હોવાનુ જણાય છે. જયારે બાદમાં તા.૧૮/૭/૧૯૫૬ ના રોજની નોંધ નં. ૩૯ થી કાયમી સામાન્ય ગણોતીયાના હકકો પ્રાપ્ત થતા હોવાથી તે રીતની નોંધ કરેલ છે. હવે બંને વસ્તુઓ જોતા સનદમાં જણાવ્યા પ્રમાંણે તા.૨૫/૦૨/૧૯૪૭ ના રોજ જમીન અઘાટ માંલીકી હકકથી (જમીનના વેચાણ અઘાટ હકકની સનદ હોવાથી ) મળેલ હોય તો બાદમાં તા.૧૮/૭/૧૯૫૬ ના નોંધ નં. ૩૯ માં કાયમી સામાન્ય ગણોતીયા હોવાનુ જે જણાવેલ છે એ કઈ રીતે સંભવી શકે. તે વિચારવાનુ રહે છે. આ બંને પુરાવા એકબીજાથી વિભિન્ન હકીકત રજુ કરતા હોવાનુ પ્રાથમિક રીતે જણાય છે.''** આમ તે રીતે સનદ અને રેવન્યુ રેકર્ડની નોંધ એકબીજાથી વિપરીત હોવાનુ તારણ કલેકટરશ્રીએ આપેલ છે જે વ્યાજબી પણ છે. વધુમાં ત્યારબાદ હુકમ કરનાર ઓથોરીટીએ '' **તા.૮/૧/૭૭ ની નોંધ નં.૧૨૬૩ જોતાં તેમાં જણાવ્યા પ્રમાણે ખાતેદાર શ્રી જયચંદભાઈ વરવાભાઈ તા. ૨૫/૧૨/૧૯૭૬ ના રોજ ગુજરી જવાથી અંબાબેન તે જયચંદભાઈના વિધવા તથા સગીર કોકીલાબેન તે જયચંદભાઈના દીકરીને વારસાઈ હકકથી રેકર્ડમાં દાખલ કરેલા છે આ એન્ટ્રી ના.મામ./મહેસુલ/વિરમગામ એ તા.૨૮/૫/૧૯૭૭ ના રોજ મંજુર કરેલ છે.જેથી સને ૧૯૭૭ સુધી જયચંદભાઈ વરવાભાઈ અને ત્યારબાદ તેમના પત્ની અંબાબેન અને દીકરી કોકીલાબેન સ.નં. ૨૨૧/૩, ૨૨૨/૨, ૨૨૨/૪, ૨૨૨/૫ ના ખાતેદાર હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે. હવે જો આવી પરીસ્થિતી હોય તો ત્યારબાદ ઓચિંતી ફેરફાર નોંધ નં. ૧૩૫૫ તા.૨૬/૫/૧૯૮૦ થી સ.નં. ૨૨૨/૨, ૨૨૨/૪, ૨૨૨/૫ ની વારસાઈ કરી હાલના પ્રતિવીવાદીઓના નામ દાખલ કઈ રીતે થઈ શકે. આ નોંધ પ્રાથમીક રીતે પણ અયોગ્ય જણાઈ છે. ''** હવે કલેકટરશ્રીનો સદર હુકમ તે અત્રેની કોર્ટને બંધનકર્તા નથી. પરંતુ કલેકટરશ્રીનું તારણ હકીકત પર

આધારીત છે અને તે માનવાલાયક પણ છે. આમ, તે રીતે જોતાં વાદીએ ખોટી રજુઆતો કરી ખોટી નોંધ પડાવેલ હોવાનું તે રીતે રેકર્ડ ઉપર આવેલ છે અને તે રીતે વાદી ચોખ્ખા હાથે નામ. કોર્ટ સમક્ષ આવેલા હોવાનુ જણાતુ નથી. આમ તે રીતે ચર્ચા કર્યા પ્રમાણે વાદી દાવાવાળી મીલકત ઉપર પોતાનો માલીકી કે કબજા હકક ધરાવતા હોવાનુ તે રીતે સાબિત કરી શકતા નથી. જેથી **મુદા નં. ૧ અને ૨ નો નિર્ણય** હુ **નકારમાં** આપુ છુ. અને **મુદા નં. ૫ નો નિર્ણય નકારમાં** આપુ છુ અને ઉપર ચર્ચા કર્યા પ્રમાણે સનદ ઉપર આધાર રાખી શકાય તેમ ન હોય તેમજ સનદ સાબિત થતી ન હોય **મુદા નં. ૧૦ નો નિર્ણય હકારમાં** આપુ છુ.

**(૨૫) મુદા નં. ૩:-**

**૩. શું વાદી સાબીત કરે છે કે પ્રતિવાદી નં. ૨ ને દાવાવાળી મીલકત પરત્વે કોઈ હક ન હતો અને નથી ?**

હવે આ કામે વાદીની રજુઆત છે કે તેઓના પિતા ચતુરભાઇ વરવાભાઇ સનદ આધારે માલીક બનેલ હોય અને સાથે સાથે સદર જમીનના કાયમી ગણોતીયા હતા અને તેઓ સને ૧૯૫૬ માં ગુજરી જતા વાદી નં. ૧ અને ૨ સગીર અને નાની ઉંમરના હતા તેમજ તેઓના માતા અભણ અને વિધવા હોય તેનો ખોટી રીતે ગેરફાયદો ઉઠાવી ચતુરભાઇને વારસદારમાં તેઓ જયચંદભાઇ એકમાત્ર હોવાની રજુઆત કરી તેઓના કાકા જયચંદભાઇ વરવાભાઇએ ખોટી રીતે નોંધ નં. ૯૨ થી પોતાનુ નામ ચઢાવી દીધેલ છે. વધુમાં તેઓની એવી પણ રજુઆત છે કે, જયચંદભાઇએ તેમની માતા મંગુબેન પાસેથી છ પટની રકમ લઈ સરકાર ખાતે જમા કરાવેલી પરંતુ જયચંદભાઇએ ખોટી રીતે રેવન્યુ અધીકારીના મેળાપીપણામાં નોંધ નં. ૯૨ અને નોંધ નં. ૧૬૧ પડાવેલ છે. હવે આ કામે નોંધ નં. ૧૬૧ ધ્યાનમાં લેતાં તેમાં જયચંદભાઇ વરવાભાઇને માલીકી હકક પ્રાપ્ત થતા તેઓએ છ પટની

રકમ જમા કરાવેલ હોવાનુ જણાય છે. આમ, આ પટની રકમ વાદીના પિતાએ નહી પરંતુ જયચંદભાઈએ જમા કરાવેલ હોય ત્યારબાદ તેઓનુ નામ રેકર્ડમાં દાખલ થયેલ છે. આમ તે રીતે જયચંદભાઈ કે તેમના વારસદારોનો કોઈ હકક હિસ્સો નથી તેમ કહી શકાય તેમ નથી. હવે, આ કામે આગળ ચર્ચા કરીએ તો જયચંદભાઈનુ નામ નોંધ નં. ૯૨ અને ૧૬૧ થી રેકર્ડ ઉપર આવેલ છે અને જે નોંધ તા.૩૧/૧/૧૯૫૭ ના રોજ પાડવામાં આવેલ છે. હવે વાદીની રજુઆત છે કે જે તે સમયે તેઓ સગીર વયના હતા અને સમયસર આ અંગે વાંધો લઈ શકેલ ન હતા. પરંતુ આ કામે હાલનો દાવો તેઓએ તા.૧૩/૪/૧૯૮૮ના રોજ દાખલ કરેલ છે. આમ, સદર એન્ટ્રી સમયે વાદી નં. ૧ ની ઉંમર ૬ વર્ષની માનીએ તો પણ હાલનો દાવો સને ૧૯૬૮ સુધીમાં વાદી નં. ૧ પુખ્ત ઉંમરના થયા હોય, ત્યાંથી લીમીટેશનના ગણતા તેઓએ સને ૧૯૭૧ સુધીમા દાવો દાખલ કરવો જોઈતો હતો, તેના બદલે હાલનો દાવો ૧૯૮૮ ની સાલમા કરવામાં આવેલ છે. આમ, તે રીતે દાવો લીમીટેશન બહારનો હોય તેમ જણાય છે. હવે પલભર માટે નોંધ નં. ૯૨ અને ૧૬૧ ખોટી રજુઆત આધારે પાડેલ હોવાનુ માની લઈએ તો પણ આ કામે વાદીએ સૌપ્રથમ નોંધ નં. ૧૩૫૫ તા.૨૬/૫/૧૯૮૦ ના રોજ નોંધ પડાવેલ છે. આમ તે રીતે પણ વાદી લીમીટેશન બહાર દાવો લઈને આવેલ છે. વધુમાં આ નોંધ કોમ્પીટન્ટ ઓથોરીટીએ રદ પણ કરેલ છે અને તેની સામે આર.ટી.એસ. અપીલ તેમજ ફેરવિચારણા અરજી પણ રદ કરેલ છે. આમ, તે રીતે જોતા વાદીનો આ મિલકત પરત્વે વારસાઈ હકકે કોઈ હકક હિસ્સો ન હોવાનુ જણાય છે અને આ કામે રેવન્યુ ઓથોરીટી સમક્ષ અને રેકર્ડ ઉપર આ જમીનના માલીક જયચંદભાઈ વરવાભાઈ હોય, તેઓના વારસદાર તરીકે પ્રતિવાદી નં. ૨ અંબાબેન અને પ્રતિવાદી નં. ૩ કોકીલાબેન હોય તે રીતે મુદા નં. **3 નો નિર્ણય ''નકારમાં** ''આપુ છુ.

**(૨૬) મુદ્દા નં. :-૪**

**૪. શું વાદી સાબીત કરે છે કે દાવાવાળી મીલકત પરત્વે રેવન્યુ સ.નં. ૨૨૧/૩ વાળી મીલકત ઈરાદાપુર્વક તેમના નામે, સરકારી રેકર્ડે દાખલ થયેલી નથી?**

આ કામે વાદીની એક રજુઆત એવી પણ છે કે અગાઉ દાવાવાળી જમીન સ.નં. ૨૨૧/૩ નો ઉલ્લેખ અન્ય જમીનો સાથે નિયમિત રીતે કરવામાં આવેલ હતો. પરંતુ ઈરાદાપુર્વક ૧૩૫૫,૧૪૭૩,૧૪૯૩ વિગેરે નોંધોમાં ઉલ્લેખ કરેલ નથી. તેમાં પ્રતિવાદીઓનુ મેળાપીપણુ સામેલ છે. પરંતુ આ ઉલ્લેખ શા માટે કરેલ નથી તે અંગેનુ કારણ તેઓ જણાવતા નથી. વળી, તેઓએ આ અંગે કોઈપણ જાતનો પુરાવો મારી સમક્ષ રજુ કરેલ નથી. જેથી **મુદા નં. ૪ નો નિર્ણય** તે રીતે **નકારમાં** આપુ છુ.

**(૨૭) મુદા નં. ૬:-**

**૬. શું પ્રતિવાદી નં.૧ સાબીત કરે છે કે તા. ૧/૪/૫૭ ના રોજ દાવાવાળી જમીન જયચંદભાઈ વરવાઈભાઈ ખેડતા હતા?**

આ કામે મારા પુરોગામી અધીકારીશ્રીએ આ જમીન તા.૧/૪/૫૭ ના રોજ જયચંદભાઈ ખેડતા હતા કે કેમ તે અંગેનો મુદો ઈસ્યુ કરેલ છે. પરંતુ આ કામે રેવન્યુ રેકર્ડ ચેક કરતા તા.૩૧/૭/૧૯૫૭ ના રોજ જયચંદભાઈએ છ પટની રકમ જમા કરાવતા તેઓને માલીકી હકક પ્રાપ્ત થયેલ છે અને ત્યારથી તેઓ આ જમીન ખેડતા હોવાનુ રેવન્યુ રેકર્ડ મારી સમક્ષ રજુ થયેલ છે અને ત્યારબાદ તેઓના ગુજરી જવાથી તા.૮/૧/૧૯૭૭ ના રોજ અંબાબેન તથા કોકીલાબેન ના નામ દાખલ થયેલ છે. આમ ત્યારથી દાવાવાળી જમીન જયચંદભાઈ અને તેમના વારસદારોના નામે ચાલી આવેલ હોવાનુ જણાય છે જેથી તે રીતે હું **મુદા નં. ૬ નો નિર્ણય અંશતઃ હકારમાં** એટલે કે તા. ૩૧/૭/૧૯૫૭ થી જયચંદભાઈ આ જમીન ખેડતા હોવાનુ આ નિર્ણય આપુ છુ.

**(૨૮)મુદ્દા નં. :–૭,૮,૯ અને ૧૧**

**૭. શું પ્રતિવાદી નં. ૨–અ સાબીત કરે છે કે પ્રતિવાદી નં. ૪, ૫ ગુજરનાર જયચંદભાઈ વરવાભાઈના સહમાલીક અને સહહીસ્સેદાર ન હતા?**

**૮ શું પ્રતિવાદી નં.૨–અ સાબીત કરે છે કે તા.૪/૨/૮૬ ના રોજ પ્રતિવાદી નં.૪,૫ ની તરફેણમાં તેમના માતૃશ્રીએ કરી આપેલ વીલ ખોટુ અને ઉપજાવી કાઢેલ છે?**

**૯. શું પ્રતિવાદી નં.૨–અ સાબીત કરે છે કે તા.૨૧/૪/૮૪ ના રજીસ્ટર વીલ આધારે તેમનો કબજા હક પોષાય છે?**

**૧૧. શું પ્રતિવાદી નં.૪,૫ સાબીત કરે છે કે તેઓ પ્રતિવાદી નં.૨–૧ ના ગુજરનાર પિતાના સહમાલીક અને સહહીસ્સેદાર હતા?**

હવે આ કામે પ્રતિવાદી નં. ૨–અ (પ્રતિવાદી નં. ૩) કોકીલાબેનની રજુઆત છે કે જયચંદભાઈના ગુજરી ગયા બાદ તેઓના વિધવા અંબાબેને તા.૪/૨/૧૯૮૬ ના રોજ એક વીલ કરી આપેલુ જે અનુસાર દાવાવાળી મીલકતના માલીક ગોપાલભાઈ, આશાભાઈ, બાબુભાઈ ગોપાલભાઈ વિગેરે થયેલ છે. જે વીલ ખોટુ અને ઉપજાવી કાઢેલ છે. વધુમાં આ કામે પ્રતિવાદી નં. ૪નાઓની રજુઆત છે કે જયચંદભાઈ તા.૨૫/૧૨/૭૬ ના રોજ ગુજરી ગયા બાદ અંબાબેનની સહસમંતિથી જવાબ લખાવી તેઓ દાવાવાળી મીલકતના સહભાગીદાર બનેલ છે અને તેની નોંધ આ કામે પાડવામાં આવેલ હતી. પ્રતિવાદી નં. ૪,૫ના કહેવા પ્રમાણે આ નોંધ કાયદેસરની છે અને જે તે સમયે અંબાબેનનો જવાબ લઈ તે નોંધ પાડવામાં આવેલ છે પરંતુ પ્રતિવાદી નં. ૨–અ (પ્રતિવાદી નં. ૩) કોકીલાબેનના કહેવા મુજબ આ નોંધ તેમજ વીલના આધારે પાડેલ નોંધ ખોટી અને ઉપજાવી કાઢેલ છે. તે અંગે ચર્ચા કરીએ તો હવે આ કામે પ્રતિવાદી નં. ૪,૫ ના કહેવા મુજબ તેઓ જયચંદભાઈને ખેડવામા મદદ

કરતા હતા અને જયચંદભાઇના ગુજરી ગયા બાદ અંબાબેને તેઓને વીલ કરી આપેલુ. પરંતુ એ હકીકત બીનતકરારી છે કે રેકર્ડ ઉપર આ જમીનના માલીક જયચંદભાઇ હતા અને તેઓના ગુજરી ગયા બાદ આ જમીનના વારસાઇ હકકે માલીક અંબાબેન તથા કોકીલાબેન બનેલ છે. આ સંજોગોમાં આ મિલકત તેઓને વારસાઇ હકકે મળેલી છે એટલે કે વડીલોપાર્જીત મિલકત છે અને અંબાબેનની સ્વોપાર્જીત મિલકત નથી. આ સંજોગોમાં વડીલોપાર્જીત મિલકતોનુ વીલ અંબાબેન કરી શકે નહી. જેથી વીલના આધારે નોંધ જે પડેલ છે તે ખરી ન હોવાનુ જણાય છે. જેથી **મુદા નં. ૮ નો નિર્ણય તે રીતે હકારમાં** આપુ છુ.

હવે આ કામે પ્રતિવાદી નં. ૪, ૫ ની રજુઆત છે કે આ જમીનમાં તેઓનો ભાગ રહેલ છે અને તે અંગેની નોંધ નં. ૧૬૫૭ તા.૧૧/૭/૧૯૯૫ થી પડેલી છે. પરંતુ આ કામે અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે પ્રતિવાદી નં. ૪,૫ ના વારસદારો વીલના આધારે આ સમગ્ર જમીનના માલીક હોવાની રજુઆત કરી તેની નોંધ પડાવેલ છે. ત્યારબાદ હાલની નોંધ પણ પડાવેલ છે. આમ તે રીતે બંને નોંધો વિરોધાભાષી જણાય છે. તેમજ આ કામે અંબાબેનનો આવો કોઇ જવાબ લેવામા આવેલ હોય તે પણ મારી સમક્ષ રજુ થયેલ નથી. વધુમાં તેઓની રજુઆત અનુસાર અંબાબેને પોતાની જમીનમા પ્રતિવાદી નં. ૪ અને ૫ નો ભાગ હોવાની રજુઆત છે જો આવી રીતે કોઇ વ્યકિત પોતાનો હકક જતો કરી બીજી વ્યકિતનો હકક દાખલ કરે તો આ અંગેનુ કોઇ લખાણ કે તેઓ દસ્તાવેજ અવશ્ય બનાવે અને વળી આવા હકક કમી કે નવો હકક દાખલ કરતા દસ્તાવેજોનુ રજીસ્ટ્રેશન કરવુ ફરજિયાત છે પરંતુ આ કામે આવો કોઇપણ દસ્તાવેજ રજીસ્ટર્ડ થયેલ હોય તેવો મારી સમક્ષ રજુ કરવામાં આવેલ નથી કે તેવી કોઇ રજુઆત પણ મારી સમક્ષ નથી. **તે રીતે તેઓ ચોખ્ખા હાથે અત્રેની કોર્ટ સમક્ષ આવેલા હોવાનુ જણાતુ નથી**. આમ, પ્રતિવાદી નં. ૪ અને ૫ દાવાવાળી જમીનના સહમાલીક અને

હિસ્સેદાર ન હતા તેમ સાબિત થાય છે. **જેથી મુદા નં. ૭ નો નિર્ણય હકારમાં આપુ છુ અને મુદા નં. ૧૧ નો નિર્ણય નકારમાં આપુ છુ.**

હવે આ કામે પ્રતિવાદી નં. ૨–અ (પ્રતિવાદી નં. ૩) કોકીલાબેન જણાવે છે કે આ કામે તા.૨૧/૪/૮૪ ના રોજ અંબાબેને તેઓને વીલ કરી આપેલ હતુ અને તે આધારે તેઓ આ તકરારી મીલકતના માલીક બનેલ છે. પરંતુ આ કામે તેઓએ આવો કોઇ દસ્તાવેજ કે વીલ મારી સમક્ષ રજુ કરેલ નથી. વધુમા તેઓએ પોતાની આ રજુઆતને સમર્થન કરતો કોઇપણ પુરાવો મારી સમક્ષ રજુ કરવામાં આવેલ નથી. અલબત તેઓ જયચંદભાઇના સીધી લીટીના વારસદાર છે અને જયચંદભાઇ અને અંબાબેનની હયાતી બાદ તેઓ સદર તકરારી જમીનના વારસાઇ હકકે માલીક હોવાનુ જણાય છે પરંતુ આ કામે તેઓએ કોઇપણ જાતની દાદ માંગેલ ન હોય તે અંગે કોઇ નિર્ણય આપવો ન્યાયોચિત જણાઇ આવતુ નથી. **જેથી મુદા નં. ૯ નો નિર્ણય હુ તે રીતે નકારમાં આપુ છુ.**

હવે આ કામે વાદી તરફે કોઇ જજમેન્ટ રજુ કરવામા આવેલ નથી. પરંતુ પ્રતિવાદી તરે રજુ કરવામાં આવેલ જજમેન્ટો ધ્યાનમાં લઇએ તો 2013(2 GLH) 591 NARAYANBHAI NATHUBHAI PATEL VS. STATE OF GUJATAT નુ જજમેન્ટ ધ્યાનમાં લેતા સદર જજમેન્ટની હકીકતો આ કેસની હકીકતોથી અલગ પડે છે. તેમજ 2089(1 GLR) 122 Govind Kana Vs. Kana Kida નુ જજમેન્ટ ટાંકેલ છે. પરંતુ તે રજુ કરેલ નથી. તે ધ્યાનમા લેતા તે વર્કમેન કોમ્પેનશેશનનુ જજમેન્ટ છે. 1985 GLR(1) 374 Maganbhai Chhotubhai Patel Vs. Maniben @ Kikiben Patel નુ જજમેન્ટ રજુ કરેલ છે. સદર જજમેન્ટ ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૦૧ થી ૧૦૬ અંગેનુ છે અને તેમાં સાબિતીનો બોજા અંગે સિંધ્ધાત પ્રસ્થાપિત કરેલ છે હુ તેનાથી વિનમ્રતાથી સહમત થાઉ છુ. આ જજમેન્ટ તકરારી મિલકત ઉપર કબજા અંગેનુ છે. પરંતુ આ કામે વાદીએ કે

પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકત ઉપર પોતે કબજો ધરાવે છે તેવી હકીકત સાબીત કરી શકેલ નથી. માત્ર બિચારણના બિલો કે વેરા પાવતીની પહોંચો રજુ કરવાથી કબજો માની શકાય તેમ નથી. જેથી, આ જજમેન્ટ પણ તેઓને મદદકર્તા નથી.

ત્યારબાદ આ કામે પ્રતિવાદી નં. ૩ નાએ 2006(૦) AIR (SC) 3608 ઉપર પ્રસિધ્ધ કરેલ જજમેન્ટ રજુ કરેલ છે. તે ધ્યાનમાં લેતાં તેમાં જયારે દસ્તાવેજ એકઝીકયુટ કરેલ તે સમયે પ્રતિવાદી સગીર ઉંમરના હતા. જેથી નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ કે જયારે દસ્તાવેજ છેતરપીંડી કે ફ્રોડથી કરાવેલ હોય તેવી રજુઆત હોય તો આ અંગેનો દાવો ૧૨ વર્ષ કે સગીર વયની વ્યકિત પુખ્ત બને તેના ૩ વર્ષમાં દાવો કરવો જોઇએ. હુ આ સિંધ્ધાત સાથે સહમત થાઉ છુ. આ કામે પણ વાદીના કહેવા મુજબ જયારે ખોટી એન્ટ્રીઓ પડી ત્યારે તેઓ સગીર હતા આ સંજોગોમાં તેઓએ પુખ્ત ઉંમર ધારણ કર્યેથી ૩ વર્ષમાં દાવો કરવાની જરુરત હતી પરંતુ તેઓએ આ સમયમાર્યાદામા દાવો કરેલ ન હોય તે રીતે પણ દાવો ટકી શકે તેમ નથી.

(૨૯) **મુદા નં. ૧૨ અને ૧૩:–**

**૧૨. શું વાદી માંગણી પ્રમાણે મનાઇહુકમ મેળવવા હકકદાર છે?**

**૧૩. વાદી દાદ મેળવવા હક્કાદાર છે?**

આમ ઉપર ચર્ચા કર્યા પ્રમાણે વાદી પોતાનો કેસ સાબિત કરવામાં સફળ રહેલ ન હોય તેમજ વાદી સનદના આધારે કે ગણોતહકકે દાવાવાળી મિલકતના માલીક અને કબજેદાર હોવાનુ સાબિત કરી શકેલ ન હોય તેઓ આ કામે માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર ઠરતા નથી જેથી **મુદા નં. ૧૨ અને ૧૩ નો નિર્ણય** હુ તે રીતે **નકારમાં** આપુ છુ અને **મુદા નં. ૧૪** પરત્વે નિર્ણય નીચે મુજબ આપુ છુ.

**// આખરી હુકમ //**

(૧) વાદીનો હાલનો દાવો આથી નામંજુર (રદ)કરવામાં આવે છે.

(૨) આ કામે પક્ષકારોને થયેલ દાવાનું ખર્ચ તેઓએ જાતે ભોગવવું.

(૩) હુકમ મુજબનું હુકમનામુ દોરવું.

આ હુકમ આજરોજ તા.૧૩મી માર્ચ માસનાં સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૧૩/૦૩/૨૦૨૬

વિરમગામ

( આર. બી. મારફતીયા)
પ્રિન્સીપાલ સીનીયર સિવીલ જજ
અને એડી.ચીફ જયુ.મેજી.વિરમગામ
Judge Code No.-GJ00633

કુ.પી.એ.પરમાર/પી.એ.